

શાશ્વત જન્મ

₹ ૧૫/-

# પ્રભુ અર્પણ

ઑગસ્ટ - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✻

ઉડ્ડયન કરતું ગરૂડ પક્ષી (કદાવર પક્ષીરાજ, પક્ષીઓનો રાજા) છે પૂજ્ય દેવ. ભારતીય પ્રણાલીમાં એને ''દિવ્યતાની છડી પોકારનાર તરીકે ઓળખાવવામાં આવે છે. જે પોતાની અગ્રભાગની પાંખો સૂર્યપ્રકાશ પ્રતિ અભિમુખ કરે છે અને એ રીતે પ્રજ્ઞા તેમ જ શક્તિના ઉચ્ચોચ્ચ શિખર પ્રતિ પોતે આરોહણ કરતું રહે છે.'' ગરૂડ પ્રતીક છે સર્વજ્ઞ શક્તિનું. જે ઉપર ઊંચાઈ પરથી નીચે પોતાના લક્ષ્ય પ્રતિ ઝડપથી ઊતરી આવે છે. એની સર્વસમાવિષ્ટ દૃષ્ટિ એક પલકમાં જ પૃથ્વી, આકાશ તથા એ બેની વચ્ચે આવેલા અવકાશને આવરી લે છે. માર્ગમાંનાં પ્રભુવિરોધી બળોને દૂર કરી દેનાર શક્તિનું પણ એ પ્રતીક છે. ગરૂડ પોતાની ચાંચમાં અમરત્વનો પ્યાલો રાખે છે, જેને પ્રાપ્ત કરવાની લાલસા દેવો રાખતા હોય છે. પોતાના પાર્થિવ રૂપમાં એ એવું જ્ઞાન ધરાવતું હોય છે કે કઈ રીતે સજીવન થતા રહેવું. મૃત ભૂતકાળને ભૂલી જઈ સદા યુવાન કઈ રીતે બની રહેવું એ જ્ઞાન પણ એની પાસે છે. મૃખપૃષ્ઠ ચિત્ર પૃથ્વી ઉપર અવતરણ કરી રહેલ ગરૂડ દર્શાવે છે, જે પોતાની સાથે પૃથ્વી ઉપર આશા, પ્રજ્ઞા તેમ જ શક્તિને લઈ આવે છે.

૧૫મી ઑગસ્ટને જીભ અને પેટ સાથે શો સંબંધ છે ?

જો એ દિવસની કોઈ વિશેષતા હોય તો તે અંતરના જીવનને લગતી વિશેષતા છે. એ સત્યને જીવનમાં ઉતારીને આપણે ૧૫મીની ઉજવણી કરી શકીએ....

... તે દિવસે કેવળ પ્રાણમય ભૂમિકા ઉપર કશી પ્રવૃત્તિ મારે જોઈતી નથી. પહેલાં હું વાંધો લેતો ન હતો પણ હવે એ ન જોઈએ.

... એ દિવસ જે સત્યનું પ્રતીક છે – એ સત્યને અનુરૂપ એની ઉજવણી કરવામાં આવે તો તેનો મને વાંધો નથી.

૯ ઑગસ્ટ, ૧૯૨૩ — શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઑગસ્ટ – ૨૦૧૬ | વર્ષ : ૦૨ | અંક : ૮

# અનુક્રમ

**શાશ્વત જન્મ**


આપણી વચ્ચે ઈશ્વરની સંનિધિ ૦૫

૧૫ ઑગસ્ટનું સાંકેતિક મહત્ત્વ ૦૭

૧૫ ઑગસ્ટ દર્શન ૦૯

શ્રી અરવિન્દ દ્વારા જન્મદિવસના વાર્તાલાપો ૧૩

૧૫ ઑગસ્ટ ૧૯૪૭ : ભારત માટે સંદેશ ૨૯

* * *

વૃત્ત વિશેષ ૩૩


**સંપાદકીય :** શ્રી માતાજીએ આ સત્ય પ્રકટ કર્યું છે કે શ્રી અરવિન્દનો જન્મ એ છે ''શાશ્વત જન્મ''. વધુમાં તેઓ ઉમેરે છે કે '...૧૫ ઑગસ્ટ એ ભૂલોને માફ કરી દેવાનો મહાન દિવસ છે.' ૧૫ ઑગસ્ટ, શ્રી અરવિન્દના જન્મનો દિવસ હોઈ એ દિવસે ઈશ્વરીય મહત્ત્વ ધારણ કર્યું છે. ભારત જે શ્રી અરવિન્દે પસંદ કરેલું એમનું પાર્થિવ નિવાસસ્થાન છે અને શ્રી માતાજીએ પોતાની કૃપા થકી તેમ જ પૂર્ણયોગના પ્રકટીકરણ માટે પસંદ કરેલો દેશ છે. એને પોતાના સ્વાતંત્ર્યની ભેટ ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે પ્રાપ્ત થઈ એમાં આશ્ચર્ય પામવા જેવું કશું છે નહિ. અને છતાં શ્રી અરવિન્દના જીવનનું જે પ્રચંડ મહત્ત્વ છે તેનો સ્વીકાર કરવામાં – એની સમજ કેળવવાની વાત બાજુ ઉપર રાખીએ – ભારત તેમ જ માનવજાતિએ હજુ ઘણું કરવાનું બાકી છે. પ્રસ્તુત અંકમાં અમે શ્રી અરવિન્દના જન્મદિવસ વિશેના મહત્ત્વનાં અને રસદાયક પાસાંઓ સ્પર્શવાનો પ્રયત્ન કર્યો છે. આપણે જાણીએ છીએ તેમ વિશ્વભરના શ્રી અરવિન્દના શિષ્યો અને ભક્તો એમના જન્મ દિવસ (૧૫ ઑગસ્ટ)ની ઉજવણી ભક્તિભાવપૂર્વક કરે છે.


મુખપૃષ્ઠ ચિત્ર : પૃથ્વી પર અવતરણ કરતા પક્ષીરાજ ગરૂડ.
ચિત્રકાર : શ્રી પ્રીતિ ઘોષ : આશ્રમ કળાકાર.

# આપણી વચ્ચે ઈશ્વરની સંનિધિ

દિવ્યની જે કાંઈ અભિવ્યક્તિ હોય તેને માન્ય કરવા લોકો એટલા બધા અનિચ્છુક હોય છે કે તેઓ દોષ શોધી કાઢવા તલપાપડ થાય છે, દેખીતી ભૂલો બતાવી આપે છે અને આ રીતે જે કાંઈ ઊંચા સ્તરનું હોય તેને પોતાના સ્તરની નજરે જુએ છે. પોતાનાથી ઉચ્ચ કોટિનું જોઈને તેઓ ધૂંઆપૂંઆ થઈ જાય છે અને જ્યારે ઉપરછલ્લી ''ત્રુટિઓ'' શોધી કાઢવામાં સફળ થાય છે ત્યારે ખુશ થઈ જાય છે. પણ તેઓ ભૂલી જાય છે કે જો તેમને પૃથ્વી પર જેની હાજરી છે એવા દિવ્યનો પણ મુકાબલો કરવાનો હોય ત્યારે તેમના સ્થૂળ ભૌતિક મનથી જે કાંઈ સ્થૂળ હોય તે જ નજરે ચઢવાનું છે. જેને પોતે જોવાને અશક્ત હોય અથવા તો અનિચ્છુક હોય તે જોવાની આશા તેમણે રાખવી ન જોઈએ. જો દિવ્યના કર્મનાં ઉપરછલ્લાં પાસાં તેઓ વિચારે તો તેમને ચોક્કસ અન્યાય કરવાના; કારણ કે, તેમને કદાપિ નહિ સમજાય કે જે માનવી પ્રવૃત્તિના જેવું જણાય છે તે બિલકુલ અસમાન હોય છે, તે માનવી નહિ એવા એક મૂળમાંથી ઉદ્‌ભવતું હોય છે.

પૃથ્વી પર કર્મ કરવા પ્રગટ થયેલ દિવ્ય માણસોની માફક કામ કરતું જણાય છે; પણ ખરેખર તેમ નથી. આવાં બહારનાં દેખીતાં ધોરણોથી તેનું મૂલ્યાંકન કરવું શક્ય નથી. પરંતુ માણસો પોતાની લઘુતાને ચાહતા હોય છે અને કોઈ ઉચ્ચતર વાસ્તવિકતાની અધીનતાના સ્વીકારને સહન કરી શકતા નથી. આ ભૂલ કાઢવાની ઈચ્છા, આ ગુણદોષો વિવેચનની સંશયાત્મક દ્વેષમૂલક ધગશ, જે એક ઉચ્ચતર વાસ્તવિકતા છે એમ પોતાનામાં કંઈક કહે છે એ માનવજાતિનું એક ખાસ લક્ષણ છે. તે માત્ર માનુષીનો નિર્દેશ કરે છે. જ્યારે બીજી તરફ સાચાને માટે, સુંદરને માટે, ઉમદાને માટે સ્વતઃસ્ફૂર્ત અહોભાવ હોય છે, એને લઈને કંઈક દિવ્ય અભિવ્યક્તિ થાય છે. જ્યારે તમારું હૃદય ઊછળીને જે કાંઈ દિવ્યમૂલક છે એમ લાગતાં તમે તેને પૂજો છો, તેને માટે અહોભાવ પ્રગટ કરો છો, ત્યારે  તમારે નિશ્ચિત જાણવું જોઈએ કે તમારામાં રહેલો ચૈત્ય પુરુષ, આત્મા, તમારી ભૌતિક ચેતનાની સાથે સંસ્પર્શમાં આવતો હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ. ૧૭૨)



શ્રી અરવિન્દની અંદરની જે વસ્તુની તમે આરાધના કરો છો એ છે ઈશ્વર.

CWM 13 : 27 શ્રી માતાજી

# ૧૫ ઑગસ્ટનું સાંકેતિક મહત્ત્વ

શ્રી અરવિન્દના જન્મ દિનને આગલે દિવસે મેં જે શબ્દગુચ્છનો પ્રયોગ કર્યો હતો તે આ હતો, 'શાશ્વત જન્મ.' મને પૂછવામાં આવ્યું છે કે, શાશ્વત એટલે શું ?...

ભૌતિક રીતે, તે શબ્દગુચ્છનો અર્થ એ છે કે જ્યાં સુધી પૃથ્વી ટકી રહેશે ત્યાં સુધી આ જન્મનાં પરિણામો ટકી રહેશે. શ્રી અરવિન્દના જન્મનાં પરિણામો પૃથ્વીના સમગ્ર અસ્તિત્વમાં અનુભવાશે. તેથી કાવ્યમય રીતે મેં તે જન્મને 'શાશ્વત' કહ્યો હતો.

માનસિક રીતે, તે એવો જન્મ છે કે જેની સ્મૃતિ સનાતન કાલ માટે ટકી રહેશે. યુગો સુધી શ્રી અરવિન્દના જન્મને તથા તેનાં સર્વ પરિણામોને લોકો સ્મૃતિમાં રાખશે.

ચૈતસિક રીતે, તે એવો જન્મ છે, કે જે સનાતન કાળ માટે, એક યુગથી બીજા યુગમાં, વિશ્વના ઈતિહાસમાં વારંવાર બનતો રહેશે. આ જન્મ પૃથ્વીના ઈતિહાસમાં અવારનવાર, એક યુગથી બીજા યુગમાં, પ્રગટ થતો રહે છે. તે જન્મનું જ પુનરાવર્તન થતું હોય છે, તે દરેક વખતે કાંઈક નવીન વધારાની વસ્તુ લઈ આવતો હોય છે, વધારે પરિપૂર્ણ વસ્તુ લઈ આવતો હોય છે, પણ તે એ જ અવતરણની ગતિ હોય છે, પાર્થિવ શરીરમાં જન્મની, આવિર્ભાવની ગતિ હોય છે.

શુદ્ધ આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી જોતાં, એમ કહી શકાય કે પૃથ્વી પર તે સનાતનનો જન્મ છે. જ્યારે દરેક વખતે અવતાર ભૌતિક રૂપ ધારણ કરે છે ત્યારે તે પૃથ્વી પર સનાતનનો પોતાનો જન્મ હોય છે.

આ બધાનો સમાવેશ મેં બે શબ્દોમાં કર્યો હતો : 'શાશ્વત જન્મ.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૧૭૦-૭૧)

***

**નિર્ણાયક સમય : ભવિષ્યનો કાર્યક્રમ**

૧૫ ઑગસ્ટ સામાન્યતઃ મારે માટે અંગત રીતે સાધના કે જીવનમાં નિર્ણાયક પરિવર્તનનો સમય કે નોંધવાલાયક દિવસ બની રહે છે – બીજાઓ માટે માત્ર આડકતરી રીતે. આ વખતે આ દિવસ મારે માટે ખૂબ જ મહત્ત્વનો બની રહ્યો છે. મારી આત્મલક્ષી સાધનાને છેવટની મહોર વાગી ગઈ હોય એમ કહી શકાય. અને લાંબો સમય ટકી રહેતા સાક્ષાત્કાર તેમ જ ઘણા કલાકો સુધી પરબ્રહ્મમાં ચિત્ત સ્થિર રહેતું હોવાથી સાધના પરિપૂર્ણતાને પામી છે એવું કંઈક લાગી રહ્યું છે. અને એમ થતાં અહંકાર મારી અંદર પૂર્ણપણે નિષ્ક્રિય થઈ ગયો છે – સિવાય કે અન્નમય સ્વરૂપમાંથી – અને ત્યાં શારીરિક સ્વરૂપમાં એની પ્રસંગોપાત્ત મુલાકાતો અને બાહ્ય સ્પર્શો પણ જ્યારે શારીરિક સ્વરૂપને એક વધુ સાક્ષાત્કાર પ્રાપ્ત થશે ત્યારે જલ્દી નિઃશેષ થઈ જશે.

મારી ભવિષ્યની સાધના છે જીવન, વ્યવહારુ જ્ઞાન અને શક્તિ માટેની. તાત્ત્વિક જ્ઞાન અને શક્તિ જાતે જ નહિ — જે મેં પ્રાપ્ત કરી લીધેલ છે — પરંતુ શારીરિક સ્વરૂપમાં દૃઢ થયેલ જ્ઞાન અને શક્તિ, જે જીવનમાંના મારા કાર્ય પ્રતિ વાળવામાં આવ્યાં હોય... એ કાર્ય હશે :

*

(૧) માનવબુદ્ધિને એના સર્વ ભાગોમાં સનાતન ધર્મ વિશેની સમજૂતી એક નૂતન દૃષ્ટિકોણથી આપવી. આ કાર્ય ચાલુ થઈ ગયું છે અને એનાં ત્રણ પાસાંઓ સ્પષ્ટપણે વિચારી લેવામાં આવ્યાં છે. શ્રીકૃષ્ણએ મને વેદોનો સાચો અર્થ દર્શાવ્યો છે એટલું જ નહિ; પરંતુ એમણે મને વ્યત્પત્તિશાસ્ત્રનું નૂતન વિજ્ઞાન પણ દર્શાવ્યું છે. માનવ વાણીની પ્રક્રિયા અને એનો સ્રોત પણ મને દર્શાવવામાં આવ્યો છે જેથી કરીને નૂતન નિરુક્ત (વ્યુત્પત્તિશાસ્ત્ર)ની રચના થઈ શકે અને એને આધારે વેદનું નૂતન અર્થઘટન પણ થઈ શકે. ઉપનિષદમાંના સર્વ કંઈનો અર્થ પણ શ્રીકૃષ્ણે મને દર્શાવ્યો છે, જેની સમજ ભારતીયો તેમ જ યુરોપિયનોને હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. અને માટે જ સમગ્ર વેદાન્ત અને વેદને મારે ફરીથી સમજાવવાના રહે છે; જેથી કરીને એ સમજ પ્રાપ્ત થાય કે સર્વ ધર્મનો ઉદય એમાંથી થયો છે અને સર્વ ધર્મ સર્વ સ્થળે એક જ છે. આ રીતે એ પુરવાર થશે કે ભારત એ જગતના ધાર્મિક જીવનનું કેન્દ્ર છે તેમ જ સનાતન ધર્મના માધ્યમ દ્વારા એ જગતના ધર્મોનું નિર્મિત ઉદ્ધારક પણ છે.

(૨) વેદિક જ્ઞાનના આધારે યૌગિક સાધના પ્રસ્થાપિત કરવી, જે સાધના આત્માને જ મુક્ત કરશે એટલું જ નહિ; પરંતુ એ એક સંપૂર્ણ એવી માનવજાતિને તૈયાર કરશે અને સત્યયુગની સ્થાપનામાં મદદ કરશે. આ કાર્ય હવે શરૂ થવાનું છે, પણ એ કળિયુગના અંત સુધી પૂર્ણ થશે નહિ.

(૩) ભારત આ કાર્યનું કેન્દ્રબિંદુ હોઈ જગતમાં એનું યોગ્ય સ્થાન પુનઃ પ્રસ્થાપિત કરવા માટે કાર્ય કરવું. અલબત્ત, પુનઃસ્થાપનાનું આ કાર્ય ઉપર્યુકત કાર્યના ભાગરૂપે થશે અને યોગને માનવકરણો તેમ જ માનવસાધનો પર લાગુ કરીને જ આ કાર્ય થશે, અન્ય રીતે નહિ.

(૪) પૂર્ણ માનવજાતિનું ધ્યેય આપણી સમક્ષ હોવાથી સમાજને નવેસરથી ઘડવાનો રહેશે, જેથી કરીને પેલી પૂર્ણતાને સમાવી શકવા માટે એ યોગ્ય કરણ બની રહી શકે.

[CWSA 36 : 177 (from a letter to Barin), August 1912 or after]

***

**છેલ્લો અવતાર અને જડદ્રવ્યનું દિવ્યીકરણ**
**૧૫ ઑગસ્ટ, ૧૯૫૬**

**પ્રશ્ન :** માતાજી – કુમારિકા મેરીના સ્વર્ગમાં આરોહણની કેથોલિક ચર્ચમાં ઉજાણી થાય છે તેનો અને શ્રી અરવિન્દના જન્મની તારીખનો કંઈ સંબંધ છે ખરો ?

**ઉત્તર :** હા, અને શ્રી અરવિન્દે જાતે એ અંગે જણાવ્યું છે. કુમારિકા મેરીનું સ્વર્ગારોહણ[1] એ જડ દ્રવ્યના દિવ્યીકરણનું પ્રતીક છે. અને આ જ છે છેલ્લા અવતારનું ધ્યેય.[2]

(CWM Vol-8, P-270) **શ્રી માતાજી**

# ૧૫ ઑગસ્ટ દર્શન

**મહાન અવતરણો તેમ જ મહાન પ્રતિરોધોનો સમયગાળો**

**પ્રશ્ન :** દર્શન સમયે આનંદ, શક્તિ અને પ્રકાશની અનુભૂતિ થવાને બદલે મને મહાન શુષ્કતાની લાગણી અનુભવવામાં આવી.

**ઉત્તર :** આનંદ, શક્તિ કે પ્રકાશનું અવતરણ થાય છે કે પછી પ્રતિરોધ ઉત્પન્ન થાય છે તે તમારી અવસ્થા ઉપર આધાર રાખે છે. એવું લાગે છે કે તમારી અંદર સામાન્ય શારીરિક ચેતના, — અજ્ઞાન અને સંદિગ્ધ ચેતનાનો પ્રતિરોધ ઉત્પન્ન થયો છે. ૧૫ ઑગસ્ટ એ મહાન અવતરણો અને મહાન પ્રતિરોધોનો સમયગાળો હોય છે. આ ૧૫ તારીખ એમાં અપવાદ ન હતો. (Corrospondence with Nirodbaran : 57)

*

મોટે ભાગે એમ થતું હોય છે કે દર્શન દિવસ નજીક આવતો જાય છે તેમ વિરોધી શક્તિઓ વ્યક્તિગત કે સામૂહિક હુમલો કરવા માટે પોતે ભેગી થતી હોય છે. વ્યક્તિગત રીતે જે ગ્રહણ કરવામાં આવતું હોય છે તેને ગ્રહણ થતું અટકાવવા માટે એ શક્તિઓ હુમલો કરે છે. સામૂહિક કક્ષાએ જેનું અવતરણ કરાવવામાં આવતું હોય છે એ અવતરણ અટકાવવા માટે તે શક્તિઓ સામૂહિક હુમલા કરતી હોય છે. દર્શન દિવસ બાદ પણ ભારે હુમલાઓ કરવામાં આવતા હોય છે. કારણ કે દર્શન દિવસે જે કાર્ય કરી લેવામાં આવ્યું હોય એને હતું ન હતું કરી દેવા માટે તથા એ કાર્યને આગળ વધતું અટકાવવા માટે એ હુમલા થતા હોય છે. પરંતુ વ્યક્તિને લાગેવળગે છે ત્યાં સુધી એમણે આ હુમલામાંથી પસાર થવું જરૂરી નથી. હુમલાના પ્રકાર વિશે વ્યક્તિ જો સભાન હોય તો વ્યક્તિ પ્રતિકાર કરીને હુમલાને ખાળી દે છે.

(CWSA 35 : 524-25) **શ્રી અરવિન્દ**

---

૧. કેથોલિક ચર્ચનો એક વિભાગ ૧૫ ઑગસ્ટની આ રીતે ઉજવણી કરે છે :

૨. શ્રી માતાજીએ શ્રી અરવિન્દ 'છેલ્લો અવતાર છે' એમ જણાવ્યું હતું. પરંતુ શ્રી અરવિન્દ માનવ દેહમાં છેલ્લો અવતાર છે એવું કદાચ તેઓ કહેવા માગે છે.

## ઑગસ્ટ દર્શન પરત્વેનું સાચું વલણ

**પ્રશ્ન :** કોઈકે મને જણાવ્યું હતું કે ઑગસ્ટ ૧૫ના દર્શન માટે ફક્ત દશ દિવસ બાકી રહ્યા છે. મેં જવાબ આપ્યો હતો : પ્રત્યેક દિવસ ૧૫ ઑગસ્ટ ગણવો જોઈએ.

**ઉત્તર :** આ છે યોગ્ય વલણ. પ્રત્યેક દિવસ એવી રીતે મનાવવો જોઈએ કે એ દિવસે અવતરણ થઈ શકે અથવા ઊર્ધ્વ ચેતના સાથે સંપર્ક પ્રસ્થાપિત થઈ શકે. ૧૫ ઑગસ્ટની વાત કરું તો ઠીક, એના ઉપર વધુ પડતો ભાર મૂકશો નહિ, છેવટે તો એ અંગત પ્રસંગ કરતાં વધુ તો બધાંને લાગુ પડતો પ્રસંગ છે. વ્યક્તિ માટે વર્ષમાંનો કોઈ પણ દિવસ ૧૫મી તારીખ હોઈ શકે — એટલે કે જન્મનો દિવસ, અથવા તો આંતર સ્વરૂપમાંનું કંઈક તે દિવસે જન્મે એવું બની શકે. આ પ્રકારની લાગણી સહિત વ્યક્તિએ સાધના કરવી જોઈએ.

(CWSA 36 : 523) **શ્રી અરવિન્દ**

જે લોકો શ્રી અરવિન્દની જન્મશતાબ્દીની ઉજવણી કરે છે એમનું આહ્‌વાન શ્રી અરવિન્દની સંનિધિ વધુ ક્રિયાશીલ અને અસરકારક બનાવે છે. પરંતુ જે લોકો હંમેશાં શ્રી અરવિન્દની સાથે જ છે, તેમને માટે આ ઉજવણીથી ભાગ્યે જ કંઈ ફેર પડે છે.

લોકો જ્યારે સમાધિ ઉપર એકાગ્રતા કરે છે ત્યારે એ જ વસ્તુ બનતી હોય છે : તેઓ હંમેશાં ત્યાં વિદ્યમાન હોય છે; પરંતુ લોકોના પુકારના પ્રત્યુત્તર રૂપે એમની સંનિધિ વધુ સક્રિય થતી હોય છે. (CWM 17 : 372)

શ્રી અરવિન્દના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો આનંદ થયા બાદ વધુ સારુ એ છે કે એકાગ્ર બની રહેવું અને પોતાના આનંદને પોતાની અંદર સમાવી રાખવો. લોકો સાથે હળીમળીને, એમની સાથે વાતો કરીને પોતાનો એ આનંદ બહાર ફેંકી દેવો એ સારી વસ્તુ નથી.

(CWM 16 : 86) **શ્રી માતાજી**

## જગત હજુ તૈયાર નથી

તમે જુઓ, એવું નથી કે આ સત્યનું જગત શૂન્યમાંથી સર્જવામાં આવ્યું હતું : એ પૂર્ણપણે તૈયાર છે, એ ત્યાં છે, આપણા હાલના જગત માફક એ મઢાયેલું છે. ત્યાં સર્વ કંઈ છે, સર્વ કંઈ ત્યાં છે. હું એ અવસ્થામાં પૂરા બે દિવસ રહી હતી. સંપૂર્ણ પરમાનંદના બે દિવસ. અને શ્રી અરવિન્દ એ સમય દરમિયાન મારી સાથે હતા. — સમગ્ર સમય દરમિયાન, હું જ્યારે ચાલતી હતી ત્યારે તેઓ મારી સાથે ચાલતા હતા, હું જ્યારે નીચે બેસી જતી ત્યારે તેઓ મારી બાજુમાં જ બેસી જતા હતા. ૧૫ ઑગસ્ટના દિવસે દર્શન સમય દરમિયાન તેઓ સતત હાજર રહ્યા હતા. પરંતુ એના વિશે કોણ સભાન હતું ? થોડા — એક કે બે — લોકોએ કંઈક અનુભવ્યું હતું. પરંતુ કોણે શ્રી અરવિન્દને જોયા ? કોઈએ પણ નહિ. અને મેં શ્રી અરવિન્દને આ સર્વ લોકો બતાવ્યા હતા. કાર્યનું આ સમગ્ર ક્ષેત્ર એમને બતાવ્યું અને એમને પૂછ્યું કે આ જગત, સાચું જગત, જે ત્યાં છે, એકદમ સમીપ તે આપણા આ જૂઠાણાના જગતનું સ્થાન

લેવા આવી જશે ? શ્રી અરવિન્દે જવાબમાં જણાવ્યું હતું. Not ready... તૈયાર નથી. તેઓ માત્ર એ બે શબ્દો જ બોલ્યા હતા.

અને છતાં આ જગતમાંથી બીજા જગતમાં પહોંચવા માટે, એ બીજું જગત તે સાચું જગત બની જાય એને માટે થોડો સમય કે થોડોક જ પ્રયત્ન જરૂરી રહેશે. એક નાની ક્લીક, અથવા તો આંતરિક વલણમાં થોડો ઊલટફેર એને માટે પૂરતો બની રહેશે. આ કેવી રીતે સમજાવું ? સામાન્ય ચેતના માટે એ ઇન્દ્રિયગોચર નથી. આંતરિક વલણમાં થોડો બદલાવ એને માટે પૂરતો રહેશે : ગુણાત્મક પરિવર્તન માત્ર.

(The Mother : Conversation with a disciple, October 6, 1969)

## એકદમ સુંદર દર્શન !

૧૫મી ઑગસ્ટના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે આપણે સમૂહધ્યાનનું આયોજન કર્યું હતું. હું મેજ સમક્ષ સંપૂર્ણ નીરવતામાં અહીં બેઠી હતી. અને પછી... હું એમ ન કહી શકું કે શ્રી અરવિન્દ આવ્યા હતા, કારણ કે તેઓ હંમેશાં અહીં હાજર છે જ, પરંતુ તેઓ એક વિશિષ્ટ રીતે પ્રકટ થયા હતા. મૂર્ત રૂપે, સૂક્ષ્મ શારીરિક ભૂમિકાએ તેઓ એટલા ઊંચા થઈ ગયા હતા કે પલાંઠી વાળીને બેસતાં (જે રીતે અહીં લોકો બેસતા હોય છે.) તેઓએ સમગ્ર કમ્પાઉન્ડને આવરી લીધું હતું - અને કમ્પાઉન્ડની પણ બહારનો થોડો વિસ્તાર આવરી લીધો હતો. તેઓ વાસ્તવિકતામાં સમગ્ર કમ્પાઉન્ડ ઉપર બેસી ગયા હતા અને એ રીતે બેસી ગયા હતા કે ધ્યાન માટે બેસેલા લોકો એમની અંદર સમાવાઈ ગયા હતા, બેઠેલા લોકોને એમણે આવરી લીધા હતા કે ઢાંકી દીધા હતા એવું નહીં. તેઓ એ મુજબ બેઠા હતા (લોકોના મસ્તક ઉપર નહિ) અને હું અનુભવી શકી (હું અહીં જ હતી) સૂક્ષ્મ શારીરિકમાંની એમની હાજરીનું ઘર્ષણ - એકદમ શારીરિક ઘર્ષણ ! અને મેં તેઓને જોયા (તમે એ સારી રીતે સમજો છો કે, હું માત્ર આ દેહમાં પુરાયેલી રહેતી નથી) મેં તેઓને ત્યાં બેઠેલા જોયા, ખૂબ જ ઊંચા અને સંપૂર્ણપણે પ્રમાણસર અને પછી સૌમ્યપણે તેઓએ નીચે અવતરણ શરૂ કર્યું — અને એ અવતરણે ઘર્ષણ પેદા કર્યું હતું — તેઓ ખૂબ જ હળવેથી અવતરણ કરી રહ્યા હતા, જેથી લોકોને આંચકો ન લાગે. પછી તેઓ ત્યાં નીચે ઊતરી સ્થિર થઈ ગયા અને આશરે અડધો એક કલાક સુધી રહ્યા, થોડી વધુ મિનિટો, એ રીતે ત્યાં રહ્યા, એકદમ સ્થિર ! પરંતુ દરેક વ્યક્તિ ઉપર પૂરેપૂરી એકાગ્રતાપૂર્વક - લોકો એમની અંદર હતા.

હું હસી રહી હતી, ખરેખર, તમે એમને એ રીતે હરેક સ્થળે અનુભવી શકો (શ્રી માતાજી પોતાના સમગ્ર શરીરને સ્પર્શ કરે છે) દરેક જગ્યાએ અને એવી શાન્તિ સહિત ! એવી તો શાન્તિ, એવી તો શક્તિ, એવું તો બળ... અને પછી શાશ્વતી, વિશાળતા અને સંપૂર્ણતાની અનુભૂતિ. સંપૂર્ણતાની અનુભૂતિ. જાણે કે બધું ચરિતાર્થ થઈ ગયું હતું, અને પછી વ્યક્તિ જાણે શાશ્વતીમાં જીવન ધારણ કરતી હતી.

એ અનુભૂતિ ફરજ પાડનારી હતી. એની અનુભૂતિ ન કરવા માટે વ્યક્તિએ પૂરેપૂરા જડ હોવું જોઈએ...

... અને પછીથી એમ ન હતું કે તેઓ એકાએક ત્યાંથી જતા રહ્યા, તેઓ ધીરે, ધીરે, ધીરે જતા હતા, જાણે કે કોઈ વસ્તુનું બાષ્પીભવન ન થઈ રહ્યું હોય, પછી વસ્તુઓ અગાઉ હતી એવી થઈ ગઈ...

... મેં અનેક વખત તેઓને એમના અતિમાનસિક પ્રકાશમાં નિહાળ્યા છે, તેઓ વારંવાર આવતા રહે છે (હું જ્યારે બાલ્કનીમાં જતી ત્યારે તેઓ આવતા હતા, અમુક સમયે તેઓ સમાધિથી ઊર્ધ્વમાં દેખાતા, તેઓ ઘણી વખત આવ્યા છે) પણ પેલી વખતે... સૌ પ્રથમ તો એનું પરિમાણ બેહદ પ્રચંડ હતું. મેં તમને જણાવ્યું એ મુજબ, નીચે બેસતી વખતે (પલાંઠી વાળીને) તેઓ કમ્પાઉન્ડને પણ અતિક્રમી ગયા હતા, અને તેઓ એ રીતે ભૌતિક કક્ષાએ પ્રકટ થયા કે એમની હાજરીની અનુભૂતિ વ્યક્તિને શારીરિક રીતે થઈ શકે ! અને એમાં એવો તો વિશ્વાસ હતો, એવો આનંદ, એવી શાશ્વતીની લાગણી, જાણે કે બધું સિદ્ધ કરી લેવામાં આવ્યું હોય, પૂર્ણતા પ્રાપ્ત કરી લેવામાં આવી હોય...

એ અનુભૂતિ લગભગ પોણો કલાક સુધી રહી હતી,
પછીથી વસ્તુઓ અગાઉ હતી તેવી થઈ ગઈ હતી.

(શાન્તિ)

આપણે અનુભવેલી એવી સૌથી વધુ આહ્‌લાદક હતી એ ૧૫મી ઑગસ્ટ. એ અનુભૂતિ પોણો કલાક રહી હતી.

(શાન્તિ)

એક વાત, (તેઓ આ મુજબ પ્રકટ થવાના છે એ તેઓએ મને જણાવ્યું ન હતું) મને જ્યારે જણાવવામાં આવ્યું કે લોકો અડધો કલાકના ધ્યાન માટે ભેગા થવાના છે ત્યારે એકાએક જ મારી અંદરની કોઈ વસ્તુએ એ વાતને ગંભીરતાથી લીધી 'ઘણું સારું'. એટલે મેં ધ્યાન માટેની બધી તૈયારી કરી લીધી અને લગભગ ૯-૪૫ કલાકે હું મેજ સમક્ષ બેસી ગઈ - અને પછી એ અનુભૂતિની શરૂઆત થઈ. પાંચેક મિનિટમાં એ પૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ. આહ ! અને પછી હું એ સારી રીતે સમજી ગઈ.

તેઓએ આપણને સુંદર ભેટ આપી છે. તેમનું સંપૂર્ણ માધુર્ય, સંપૂર્ણ ભવ્યતા, તેમની સર્વ શક્તિ, અને પૂરેપૂરી સ્વસ્થતા - બધું જ ત્યાં હતું - અને તેઓ જ્યારે એમના દેહમાં હતા અને જે રીતે આ બધું અનુભવાતું હતું તેના કરતા વધુ સઘન રીતે અને વધુ સ્પષ્ટપણે અનુભવાયું હતું !

... અને આ અનુભૂતિ ખૂબ જ સઘન હતી. એકદમ સઘન એ જાણે કે... તમને એમાં જકડી લેવામાં આવ્યા હોય અને એમાંથી છૂટી શકાય એમ હોય જ નહિ એવી હતી એ અનુભૂતિ - પૂરેપૂરી સંપૂર્ણ.

(The Mother : Conversation with a disciple, August 18, 1962)

# શ્રી અરવિન્દના જન્મદિવસના વાર્તાલાપો

### અધીરા થશો નહિ, નિરાશ થશો નહિ, શ્રદ્ધા ગુમાવશો નહિ

(કલકત્તામાં પોતાના નિવાસ સ્થાને, ૧૫ ઑગસ્ટ, ૧૯૦૯ના રોજ શ્રી અરવિન્દે પોતાના સાડત્રીસમા જન્મ દિવસે જે વાર્તાલાપ રજૂ કર્યો હતો તે 'ભારત મિત્ર' (કલકત્તાનું બંગાળી અખબાર)ના ૨૧ ઑગસ્ટના અંકમાં પ્રસિદ્ધ થયો હતો. પછીથી આ વાર્તાલાપનું અંગ્રેજીમાં ભાષાંતર થયું હતું અને એ પોલિસના બાતમી વિભાગના રિપોર્ટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. એ અંગ્રેજી ભાષાંતરનો આ ગુજરાતી અનુવાદ છે.)

મારા બાળપણ દરમિયાન મારી ઈન્દ્રિયો કે મનની શક્તિઓનો પૂર્ણ વિકાસ સિદ્ધ થયા અગાઉ હું મારી અંદર રહેલ એક શક્તિશાળી આવેગ વિશે સભાન બન્યો હતો. તે વખતે એ આવેગ શું છે એની મને સમજ પડી ન હતી. પરંતુ જેમ જેમ હું ઉંમરમાં મોટો થતો ગયો તેમ તેમ એ આવેગ વધુને વધુ મજબૂત બનતો ગયો અને મારી બાળપણની બધી નબળાઈઓ : ભય, સ્વાર્થીપણું વ.... મારા મનમાંથી અદૃશ્ય થઈ ગઈ ત્યાં સુધી એનો વિકાસ થતો ગયો. જે દિવસે હું મારી માતૃભૂમિમાં પાછો ફર્યો (૬ ફેબ્રુઆરી, ૧૮૯૩) તે દિવસથી એ આવેગ એક મહત્તર શક્તિ સહિત છોળોની માફક મારી અંદર ઉછળવા લાગ્યો અને મારું જે ધ્યેય છે અને મારો જે ભક્તિભાવ છે, તે મારી જે કસોટીઓ લેવામાં આવી અને હું જે અસહ્ય જુલમનો શિકાર બન્યો તેને લઈને વધુ પુષ્ટ બન્યા. ઈશ્વરકૃપાથી જ્યારે કોઈ દૈવી શક્તિ કોઈ માનવ સ્વરૂપમાં પોતાનો આવિર્ભાવ કરે છે ત્યારે એ દૈવી શક્તિના વિકાસ માટેના કોઈ પણ પ્રયત્નો રાષ્ટ્રીય જીવનને નૂતન શક્તિ બક્ષતાં હોય છે. તમારે તમારી જાતને તમારી માતાના ચરણોમાં બલિ રૂપે ધરી દેવી પડશે. અને માટે જ, તમારે અચળ શ્રદ્ધા સહિત અને હૃદયપૂર્વક તમારી જાતને એ માતાની સેવામાં સમર્પિત કરી દેવાની છે. આ ક્ષણે આપણી મોટામાં મોટી ફરજ છે : આપણી માતૃભૂમિની સેવા. આ લોહયુગમાં આ જ આપણી ફરજ બની રહેવી જોઈએ. અધીરા થશો નહિ, નિરાશ બનશો નહિ. શ્રદ્ધા ગુમાવશો નહિ. હાલ જે થાક અને અકર્મણ્યતા વર્તાય છે તે સ્વાભાવિક છે, દરેક રાષ્ટ્રના ઇતિહાસમાં તમને આવા પ્રસંગો જોવા મળશે. દરેક વ્યક્તિએ શક્તિનો સંચય કરવાનો છે. નવીન આશા અને જોમ સહિત માતૃભૂમિની પૂજા કરવા માટે તૈયાર રહો. દૈવી શક્તિએ આ રાષ્ટ્રમાં નૂતન શક્તિનો સંચાર કર્યો છે. આ શક્તિ એક દિવસ રાષ્ટ્રને ઉચ્ચપદે બિરાજમાન કરશે. (CWSA 8 : 179)

*

### અતિમાનસ સત્યના અવતરણનું પ્રતીક

પહેલાં મારા શારીરિક જન્મના દિવસને આપણે પ્રાણમય રીતે ઊજવતા હતા. તેમાં આંતરિક સત્યનું બીજ રહેલું હતું, પણ તેનું પ્રગટીકરણ પ્રાણિક હતું. હવે હું માગું છું કે જો તે

ઊજવવો હોય તો જે સત્યનું તે પ્રતીક છે તેની સાથે સુસંગત રીતે તે ઊજવવો જોઈએ.

આપણા જીવનમાં તે પારમાનસિક સત્ય અવતરણ કરવાનું છે તેને વિશે તમે જાણો છો. આજનો દિવસ તે સત્યનું પ્રતીક છે. પણ તેના અવતરણમાં કેટલાક અવરોધો રહેલા છે. ઊર્ધ્વમાંથી અવતરણ કરતા તે સત્યને મન તથા માનસિક વિચારો ઝડપી લે છે અને તે પોતાના હેતુ માટે તે સત્યનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે. દા.ત. પ્રાણિક શક્તિ તે ઉચ્ચતર શક્તિને ઝડપી લઈને પોતાની જાતને અશુદ્ધ કાર્યોમાં બહાર ફેંકવા માગે છે. અવતરણ કરતું સત્ય માનસિક નથી, તે પારમાનસિક છે. તે બરાબર કાર્ય કરી શકે તેટલા માટે બધાં કરણોનું પારમનસીકરણ થવું જરૂરી છે. નિમ્નતર બળો પોતાની સામાન્ય ગતિઓના સંતોષ માટે આ ઉચ્ચતર શક્તિનો ઉપયોગ કરવા માગે છે. જ્યારે જ્યારે માણસ જીવનનાં સુખોને માણતો હોય છે, અથવા પોતાના સ્વાર્થમય હેતુઓ માટે પોતાના જીવનને ખર્ચી નાખતો હોય છે ત્યારે ખરી રીતે આ વૈશ્વિક બળો તેની મારફતે અને તેનામાં રહીને તે સુખનો ઉપભોગ કરતાં હોય છે.

ઉચ્ચતર સત્ય પોતાની વિશુદ્ધિપૂર્વક કાર્ય કરી શકે તે માટે માણસે ઊર્ધ્વમાં રહેલી મહત્તર શક્તિ પ્રત્યે ખુલ્લા બનવાનું રહે છે. પોતાની જાતને તેને સમર્પિત કરી દેવાની રહે છે અને ઉચ્ચતર સત્યની વચ્ચે આડે આવનાર દરેક વસ્તુને દૂર કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સમર્પણ કરવાની શક્તિ રહેલી છે.

તમારે માટે આ માર્ગ તૈયાર કરવા માટે, સ્વચ્છ બનાવવા માટે અને તમને તે કાર્ય બહુ અઘરું ન લાગે તેટલા માટે - આ બધાં વર્ષો દરમિયાન અવરોધોને દૂર કરવાનું કાર્ય મેં કર્યું છે. હું તમને તે કાર્યમાં મદદ કરી શકું તે તમારી મદદ લેવાની શક્તિ પર આધાર રાખે છે. તમે લઈ શકો તે બધી મદદ આપવા હું તૈયાર છું. એવો ખ્યાલ છે કે અત્યારે દરેક સાધકને કોઈ નવીન અનુભૂતિ થઈ રહી છે તેનો આધાર તમે તમારામાં તે સત્યનો કેટલો સ્વીકાર કરી શકો છો તેના પર છે. અલબત્ત, સાચું આધ્યાત્મિક સમર્પણ એક જુદી જ વસ્તુ છે. પણ જો તમારામાંના કોઈકને તેની થોડીઘણી, ઝાંખી અનુભૂતિ પણ થાય, તો પંદરમી ઑગસ્ટ સાર્થક થઈ ગણાય.

(સાંજના વાર્તાલાપો ખંડ ૨-૩ લે. અંબુભાઈ પુરાણી પૃષ્ઠ ૨૨૩-૨૪) **શ્રી અરવિન્દ**

## ભૂમિને ખોદવા જેવું

હું અત્યારે પારમનસ્‌ને શારીરિક ચેતનામાં — ઠેઠ  અવભૌતિક સુધી લઈ આવવામાં ગૂંથાયેલો છું. ભૌતિકતત્ત્વ સ્વભાવથી જ જડ છે. તે સચેતન બનવા માગતું હોતું નથી. પરિવર્તન કરવાની નામરજીને કારણે તે બહુ વધારે પ્રતિકાર કરે છે.

વેદમાં કહ્યું છે તેમ, તે કાર્ય ભૂમિને ખોદવા જેવું છે. તે અક્ષરશઃ ઊર્ધ્વમાંના પારમનસ્‌થી માંડીને તે નીચે રહેલા પારમનસ્ સુધી એક ખોદવા જેવી ક્રિયા છે. અસ્તિત્વ સચેતન બન્યું છે અને ઉપર નીચે સતત, ગતિ થઈ રહી છે. વેદ તેને બે છેડા કહે છે, '**સર્પનું મુખ અને**

**પુચ્છ'** કહે છે કે, જે ચેતનાને આવરી લઈને તેને પરિપૂર્ણ બનાવે છે. મને જણાય છે કે જ્યાં સુધી પદાર્થતત્ત્વનું પારમાનસીકરણ થયું નથી ત્યાં સુધી માનસિક તથા પ્રાણિકનું પણ સંપૂર્ણ પારમાનસીકરણ શક્ય નથી. એટલે ભૌતિકનો સ્વીકાર કરી તેનું રૂપાંતર સિદ્ધ કરવાનું છે. દરેક ભૂમિકા પર થતો આ એક પછી બીજો જન્મ, તે પ્રક્રિયાને જટિલ બનાવી દે છે. હું પારમનસ્‌ના ઉચ્ચતમ સ્તરને ભૌતિક ચેતનામાં લાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

***

આંતરદર્શનામય મનની ત્રણ ક્રિયાઓ સાથે સંગત એવાં પારમનસ્‌નાં ત્રણ સ્તરો છે. પ્રથમ સ્તરને હું સમજૂતી આપનાર પારમનસ્ કહું છું. હું તેને 'સમજૂતી આપનાર' કહું છું, કારણ કે માનસિક ભૂમિકા પર જે શક્યતા હોય છે, તે પારમાનસિક ભૂમિકા પર એક પ્રકારની શક્તિ બની જાય છે. સમજૂતી આપનાર પારમનસ્ તમારી સમક્ષ બધી સંભાવનાઓને રજૂ કરે છે. તે ભૌતિક ભૂમિકા પર સાચી બનનારી ઘટનાઓના મૂળ કારણને બતાવે છે. જ્યારે આંતરદર્શનાનું પરિવર્તન પારમાનસિક મૂલ્યવત્તામાં થાય છે ત્યારે તે સમજૂતી આપનાર પારમનસ્ બને છે.

પછી આવે છે પ્રતિનિધિત્વ કરતું પારમનસ્. તે સંભાવનાઓની વાસ્તવિક ગતિઓનું પ્રતિનિધિત્વ કરે છે અને જે બની રહ્યું છે તેને બતાવે છે. જ્યારે પ્રેરણાનું પરિવર્તન તેની પારમાનસિક મૂલ્યવત્તામાં થાય છે ત્યારે તે આ પ્રતિનિધિત્વ કરતું પારમનસ્ બની જાય છે. આ ઉચ્ચતમ પારમનસ્ નથી. તમે અમુક કાર્ય કરતી સંભાવનાઓને જુઓ છો, ઘણા કિસ્સાઓમાં શું બનવાનું છે તે, અથવા અમુક વસ્તુ કેવી રીતે બની તે, અથવા કેવી રીતે બની શકે તે તમે કહી શકો છો. પણ તેમાં ખાતરી હોતી નથી. આખરે આવે છે દર્શના સાથે સંગત, આજ્ઞાકારી પારમનસ્. તે હંમેશાં સાચું હોય છે, કારણ કે કશું તેની સામે ટકી શકતું નથી. તે પોતાની સહજ શક્તિ વડે પોતાની જાતને સિદ્ધ કરતું જ્ઞાન છે.

મારે આ બધાનો ભેદ કરીને ભૌતિકમાં આજ્ઞાકારી પારમનસ્‌ને અવતીર્ણ કરવા પ્રયત્ન કરવાનો છે. આમ, ઉપર નીચે સતત ગતિ ચાલ્યા જ કરતી હોય છે. અત્યારે સમગ્ર અસ્તિત્વને સચેતન કરવામાં આવ્યું છે પણ કોઈ શક્તિ ભૌતિક પર હુમલો ન કરી શકે તેવું કરવાની જરૂર છે. બીજું, આ આજ્ઞાકારી પારમનસ્‌ને અંદર લાગુ કરવાનું છે. ત્રીજું, તેને બહારની વસ્તુઓ પ્રત્યે લાગુ કરવાનું છે. અત્યારે પારમાનસિક શક્તિ વડે શરીર પર આક્રમણ કરતા કોઈ પણ બળને બાજુએ ફેંકી દઈ શકાય તેમ છે. પણ જ્યારે તે પ્રક્રિયા પરિપૂર્ણ બનશે ત્યારે કોઈ પણ સચેતન વિરોધી બળ શરીર પર હુમલો કરી જ નહિ શકે. આ બાબતોમાં હું અમુક કાર્યક્રમને અનુસરી રહ્યો છું, જે હું પોંડિચેરી આવ્યો ત્યારે મારે માટે નિશ્ચિત થયો હતો.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૨૪-૨૫)

## યોગનું ધ્યેય અને યોગ માટેની શરતો

''આ દિવસે મારી પાસેથી પ્રવચનની આશા રાખવાનો રિવાજ પડી ગયો છે. શાન્ત ચેતના દ્વારા વ્યવહાર કરવાનું મને વધારે પસંદ છે, કારણ ભાષણ મનને ઉદ્દેશીને કંઈક કહે છે, જ્યારે શાંત ચેતના દ્વારા માણસ કંઈક વધારે ઊંડી વસ્તુને પ્રાપ્ત કરી શકે છે. આપણે એક એવો યોગ કરી રહ્યાં છીએ કે જેનાં અમુક તત્ત્વો બીજા યોગો કરતાં તદ્દન ભિન્ન છે. પ્રાચીન પદ્ધતિ અનુસાર આપણે બુદ્ધિ, લાગણી અને સંકલ્પ ત્રણમાંથી એકની પસંદગી કરવાની હોય છે, અથવા પુરુષ પ્રકૃતિનો ભેદ સમજવાનો હોય છે – સચેતન આત્માનો અને પ્રકૃતિનો. તે દ્વારા આપણે અનંત જ્ઞાનને, સર્વપ્રેમી સૌંદર્યસાગર પરાત્પરને, અનંત બિનઅંગત સંકલ્પને, મનથી પર શાંત બ્રાહ્મને, લાગણીમય અસ્તિત્વથી-સંકલ્પથી-વ્યક્તિગત પુરુષથી પર કૂટસ્થ બ્રહ્મને આપણે પ્રાપ્ત કરવાનું હોય છે.''

''આપણા યોગનું લક્ષ્ય જ્ઞાન-સંકલ્પ-આનંદનું બિનઅંગત અનંત નથી, પણ પરાત્પર સત્‌નો, અનંત જ્ઞાનનો સાક્ષાત્કાર છે. જે માનવજ્ઞાનની સીમિત અનંતતાથી પર છે, જે અનંત શક્તિ છે કે જે આપણા અંગત સંકલ્પનું ઉદ્‌ગમસ્થાન છે. જે આનંદ છે કે જેને લાગણીઓની સપાટી પરની ગતિ પકડી શકતી નથી.

જેનો આપણે સાક્ષાત્કાર કરવા માગીએ છીએ તે પરમ સત્‌ બિનઅંગત અનંત નથી, પણ એક દિવ્ય વ્યક્તિત્વ છે. તેનો સાક્ષાત્કાર કરવા માટે આપણે આપણા સાચા વ્યક્તિત્વથી સચેતન બનવાનું છે. તમારે તમારા આંતરિક અસ્તિત્વને જાણવું જોઈએ. આ દિવ્ય વ્યક્તિત્વ આંતર માનસિક, આંતર પ્રાણિક, અને આંતર શારીરિક અસ્તિત્વ અને તેની ચેતના નથી. ઘણી વાર આ પ્રકારે તેનું ખોટું વર્ણન કરાયું છે પણ તે તમારું સત્ય અસ્તિત્વ છે, જે ઉચ્ચતમની સાથે સીધા સંબંધમાં છે. માણસ પ્રકૃતિમાં ક્રમિક વૃદ્ધિ વડે વિકાસ પામે છે અને દરેક જણે પારમનસ્‌માં રહેલા, પોતાના દિવ્ય પુરુષનો સાક્ષાત્કાર કરવાનો છે. તાત્ત્વિક રીતે દરેક જણ ભગવાન સાથે એકરૂપ છે, પણ પ્રકૃતિમાં દરેક જણ પરાત્પર સત્‌નું આંશિક પ્રગટીકરણ છે.

આપણા યોગનું આ લક્ષ્ય હોવાને કારણે, આપણે જીવન પ્રત્યે પાછા વળવા માગીએ છીએ, તેનું રૂપાંતર કરવા માગીએ છીએ. પ્રાચીન યોગ જીવનનું રૂપાંતર કરવામાં નિષ્ફળ ગયો હતો, કારણ કે તે લોકો મનથી પર ગયા ન હતા. તે લોકો માનસિક અનુભૂતિઓને પકડી રાખતા, પણ જ્યારે તેઓ તેમને જીવનમાં લાગુ કરતા ત્યારે તેઓ તેમની માનસિક ફૉર્મ્યુલા બનાવી દેતા. દા.ત. અનંતની માનસિક અનુભૂતિ અથવા વૈશ્વિક પ્રેમના તત્ત્વને લાગુ કરવું તે.''

''એટલે આપણે અસ્તિત્વની બધી ભૂમિકાઓ પર સચેતન બનવાનું છે અને જીવનની ખૂબ ખૂબ બાહ્ય વિગતોનું નિયમન કરવા માટે ઉચ્ચતર પ્રકાશને, શક્તિને તથા આનંદને નીચે લાવવાનાં છે. આપણે અલગ રહીને, પ્રકૃતિમાં થતી બધી વસ્તુઓને નિહાળવાની છે. નાનામાં નાની ગતિ, વધારેમાં વધારે બાહ્ય ક્રિયા આપણા નિરીક્ષણમાંથી છટકી ન જાય તેની સંભાળ રાખવાની છે. માનસિક તથા પ્રાણિક ભૂમિકાઓ પર આ પ્રક્રિયા પ્રમાણમાં સહેલી છે. પણ

શારીરિક-પ્રાણિક અને શારીરિક ભૂમિકાઓમાં અજ્ઞાનની શક્તિઓ શાસન કરે છે, પૂર્ણ દોર ચલાવે છે જેમને તેઓ સનાતન નિયમો માને છે તેમને આગ્રહપૂર્વક ચીટકી રહે છે. તે ઉચ્ચતર પ્રકાશના માર્ગમાં અવરોધ કરે છે અને પોતાનો ઝંડો ફરકાવે છે. ત્યાં વારંવાર અંધકારનાં બળો અસ્તિત્વને આચ્છાદિત કરે છે અને જ્યારે શારીરિક પ્રાણિક ખુલ્લું થાય છે, ત્યારે પણ શારીરિક અસ્તિત્વનાં નિમ્નતર સ્તરોમાંથી અજ્ઞાનનાં તત્ત્વો બહાર આવે છે. તેમની સાથે કામ લેવામાં ખૂબ ધીરજની જરૂર છે. શારીરિક-પ્રાણિક તથા શારીરિક અસ્તિત્વ ઉચ્ચતર નિયમને સ્વીકારતાં નથી અને પોતાની જક પકડી રાખે છે. બૌદ્ધિક કારણો વડે તથા બીજાં કારણો આપીને, તે પોતાના દુરાગ્રહને તથા લીલાને સપ્રમાણ ઠેરવે છે અને આ રીતે તે સાધકને અનેક વેષપલટાઓ વડે છેતરવા પ્રયત્ન કરે છે.

મોટે ભાગે પ્રાણિક અસ્તિત્વ બહુ અધીર હોય છે. તે શારીરિક-પ્રાણિક તથા શારીરિક ભૂમિકાઓ પર ઝડપથી કાર્ય કરાવવા માગે છે પણ આનાં પ્રતિકાર્યો બહુ ઉગ્ર હોય છે; એટલે ઉચ્ચતર પ્રકાશને તથા શક્તિને ઝડપી લેવાને બદલે માનસિક તથા પ્રાણિક અસ્તિત્વોએ પોતાની જાતનું ઉચ્ચતર શક્તિને સમર્પણ કરી દેવું જોઈએ. આપણે આંશિક રૂપાંતરથી સંતોષ માનીને બેસી રહેવાનું નથી. આપણે ઉચ્ચતર શક્તિને ભૌતિક ભૂમિકા પર નીચે લાવવાની છે અને જીવનની તદ્દન બાહ્ય વિગતનું પણ તેના વડે નિયમન કરવાનું છે. મન તેમનું નિયમન કરી શકે તેમ નથી, આપણી અત્યારની પ્રકૃતિનું રૂપાંતર કરવા માટે, આપણે ઉચ્ચતર પ્રકાશને, શક્તિને, તથા આનંદને નીચે બોલાવવાનાં હોય છે. આને માટે, અસ્તિત્વના દરેક ભાગમાં તાત્ત્વિક સંપૂર્ણ દિલ-સચ્ચાઈ હોવી જરૂરી છે; જે અસ્તિત્વમાં ચાલતી બધી વસ્તુઓને સ્પષ્ટતાપૂર્વક જોઈ શકે અને જે બીજા કશાને નહિ પણ માત્ર સત્યને જ માગતી હોય.

સત્ય નીચે આવી જીવનની નાનામાં નાની વિગતનું પણ નિયમન કરે, તેને માટે બીજી શરત એ છે કે માણસે પારમનસ્‌માં રહેલા પોતાના દિવ્ય વ્યક્તિત્વથી સચેતન બનવું જોઈએ.

કેટલીક વાર સાધકોમાં અનુભૂતિઓ વડે સંતોષ માની લેવાનું વલણ હોય છે. પણ માણસે માત્ર અનુભૂતિઓથી જ સંતોષ ન માની લેવો જોઈએ.

બીજી એક વસ્તુ છે કે આપણે અહીં એક જ સત્યની પ્રાપ્તિ માટે એકત્રિત થયાં છીએ. તેથી આપણામાં એક પ્રકારની સઘનતા આવી છે. જેથી આપણે એકબીજાને મદદ પણ કરી શકીએ અને અવરોધ પણ કરી શકીએ.

અસ્તિત્વના રૂપાંતર માટે આ શરતો છે — ઉચ્ચતર પ્રકાશ પ્રત્યે ખુલ્લાપણુ અને સંપૂર્ણ સમર્પણ આ રૂપાંતરને લાવે છે, જેથી જો દિલમાં સંપૂર્ણ સાચી સચ્ચાઈ હશે, પ્રકાશ પ્રત્યે ખુલ્લાપણું હશે, સમર્પણ હશે અને બધી ભૂમિકાઓ પર ચેતનાની વૃદ્ધિ હશે તો તમે આ યોગના આદર્શ સાધક બની શકશો.''

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૩૦થી ૨૩૨)

## મૃત્યુનો પ્રશ્ન અને અમરત્વ

શિષ્ય : તમારી સાધનાની અત્યારની સ્થિતિમાં મૃત્યુને લાગેવળગે છે ત્યાં સુધી, તમે ક્યાં ખડા છો ?

શ્રી અરવિન્દ : મારે માટે પૂછો છો ?

શિષ્ય : હા.

શ્રી અરવિન્દ : ત્રણ વસ્તુઓ મારું મૃત્યુ લાવી શકે (૧) ઉગ્ર અકસ્માત (૨) ઉમ્મરનું કાર્ય (૩) મારી પોતાની પસંદગી. આ વખતે પારમનસ્‌નું અવતરણ શક્ય નથી એમ મને લાગે, અથવા મને કોઈ એવી વસ્તુ જણાય કે જે સાબિત કરે કે આ વખતે તે કાર્ય શક્ય નથી, તો હું મૃત્યુને પસંદ કરું.

શિષ્ય : કેટલીક વાર મને એવું સૂચન આવે છે કે જો શરીર ઉચ્ચતર શાન્તિને, શક્તિને અને આનંદને પોતામાં રાખી શકે તો શરીર મૃત્યુથી મુક્ત બને.

શ્રી અરવિન્દ : તે તો માત્ર એક સાધારણ સિદ્ધાંત છે. પણ શારીરિક ભૂમિકા પર તે કાર્ય ન કરે. તમારે બધી વિગતો જાણી લેવી જોઈએ. તે તો ભારતની રાજકારણની ચળવળો જેવું થયું, કે જ્યાં એક સામાન્ય નિયમને સ્થાપિત કરવો તે પર્યાપ્ત ગણાય છે; વિગતો પર કદી કાર્ય થતું નથી હોતું.

શિષ્ય : જ્યાં પ્રાણિક અસ્તિત્વમાં શાન્તિ, શક્તિ અને આનંદ પ્રાપ્ત થઈ જાય છે ત્યારે કેટલીક વાર એવો વિચાર આવે છે કે શરીર અમર બની ગયું.

શ્રી અરવિન્દ : તેનું કારણ એ છે કે પ્રાણિક પોતાનો ચળકાટ શારીરિક પર નાખે છે. પ્રાણિક પુરુષ અમર છે અને તેથી શરીરની અમર્ત્યતાનો ખ્યાલ પેદા થાય છે. પણ તે સાચો વિજય નથી હોતો. ચાંદોદના સ્વામી બ્રહ્માનંદ ૩૦૦ વર્ષ સુધી જીવ્યા હતા, અર્થાત્ ઉમ્મરના કાર્યથી તેમણે લગભગ મુક્તિ મેળવી હતી. પણ એક દિવસ એક કાટ ખાધેલી ખીલી તેમને વાગી અને તે નાનકડા ઘાથી તેમનું મોત નીપજ્યું. શારીરિક ભૂમિકા પર તમે જેને ગણતરીમાં નથી લીધું હોતું તેવું કશુંક બની જાય છે અને બતાવી આપે છે કે તમે સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો નથી. તેથી આ પ્રક્રિયા બહુ લાંબો સમય માગી લે છે. તમારે શરીરના પ્રત્યેક અણુમાં ઉચ્ચતર ચેતનાને સ્થાપિત કરવી જોઈએ. નહિ તો એવું બને છે કે તમારી નજર બહાર રહી ગયેલું, નિમ્નતર શારીરિક અસ્તિત્વમાં ગાઢ ઊંડાણમાં છુપાઈ રહેલું કશુંક આવે છે, જેને વિરોધી બળો જાણતાં હોય છે અને તે નબળાં બિંદુમાંથી તેઓ હુમલો કરી શકે છે. તેઓ સંજોગોનું સંમિશ્રણ સર્જી શકે છે, તમે જેને ખતમ કર્યું હોતું નથી તેને બહાર લાવે છે. અને તમે તેમના પર કાબૂ મેળવો ત્યાર પહેલાં તો તે કાબૂ બહાર ચાલ્યાં ગયાં હોય છે. તેમ બને તો તે તમારું મોત નિપજાવી શકે.

શિષ્ય : શારીરિક આટલું બધું જક્કી અને અસ્પષ્ટ કેમ છે ?

શ્રી અરવિન્દ : તે તેમની પ્રકૃતિ છે. તે એક પ્રકારની ગોઠવણ છે. જો શારીરિક તે પ્રકારનું

ન હોત તો તે વસ્તુ ખૂબ સહેલાઈથી ક્યારનીયે સિદ્ધ થઈ શકી હોત. તેને કલ્પો અને મન્વંતરો ન લાગ્યા હોત તો સાધના ખૂબ સહેલી બની ગઈ હોત. ભગવાન તેને સહેલાઈથી થવા દેવા માગતા નથી.

શિષ્ય : તમારી સાધના ક્યારે પૂરી થશે ?

શ્રી અરવિન્દ : તમે એમ ઇચ્છો છો કે મારે ભાવિકથન કરવું ? તે સંપૂર્ણપણે મારા પર આધાર નથી રાખતું. કાળ વિશે માણસ કશું જ જાણતો હોતો નથી. તેની સમયમર્યાદા નક્કી કરવાથી, તે '**એક વર્ષમાં સ્વરાજ્ય**'ની વાત પેઠે વિલંબમાં પડે. વળી કાર્યમાં ભાગ લેતા યોગીને પરમાત્મા બધી વસ્તુઓ બતાવી દેતા નથી. જ્યારે વૈશ્વિક પરિસ્થિતિઓ તૈયાર થાય, ત્યારે જ બધી વસ્તુઓ તેને બતાવવામાં આવે છે, જ્યારે અલગ રહેલો યોગી ઘણી વધારે વસ્તુઓ જુએ છે. વૈશ્વિક પરિસ્થિતિઓ તૈયાર થાય ત્યાર પહેલાં પરમાત્મા દરેક વિગત નક્કી કરતા નથી. પરિસ્થિતિઓ તૈયાર થાય ત્યારે તે ધડાક દઈને આજ્ઞાકારી નિર્ણયની સાથે આવે છે. વચગાળામાં વૈશ્વિક શક્તિઓ કાર્ય કરી રહી હોય છે. દા.ત. શારીરિક રોગચાળો, કે જે સ્વાભાવિક રીતે તમારા પર હુમલો કરી શકે છે. જ્યારે તમે તેને પતવી દો છો ત્યારે તેની તે જ વસ્તુ બીજું સ્વરૂપ લઈને પાછી તમારી પાસે આવે છે. બધી વિગતો સાથે કામ લીધા સિવાય તમે તેને પતાવી નાખી શકતા નથી. અને દરેક વિગતમાં તમે માત્ર શક્યતાઓને તથા નૈતિક નિશ્ચિતતાઓને જ જુઓ છો. પરમાત્મા બધો સમય તે જાણતા નથી હોતા એવું નથી. માત્ર જ્યાં સુધી વૈશ્વિક પરિસ્થિતિઓ તૈયાર ન થાય, ત્યાં સુધી તે વચ્ચે દખલ કરતા નથી. વૈશ્વિક શક્તિઓ જે નિર્ણય લે છે તે નિર્ણય પરમાત્માએ પણ લીધેલો હોય છે.

શિષ્ય : શારીરિકને લાગેવળગે છે ત્યાં સુધી વૈશ્વિક પરિસ્થિતિઓ તૈયાર બની છે ?

શ્રી અરવિન્દ : શારીરિક ચેતનાની બાબતમાં સામાન્ય શરતો પૂરી થઈ છે. પણ હવે વધારેમાં વધારે ભૌતિક સ્તર બાકી રહ્યો છે અને તે સૌથી વધારે જોખમપૂર્ણ છે.

શિષ્ય : તે શા માટે સૌથી વધારે જોખમપૂર્ણ છે ?

શ્રી અરવિન્દ : કારણ કે તે નક્કર છે, સઘન છે. તે પોતાના પદાર્થતત્ત્વનો ઇન્કાર પણ કરી શકે છે અથવા તેનો ત્યાગ પણ કરી શકે છે. તે તર્કબુદ્ધિ પ્રત્યે ઓછામાં ઓછો ખુલ્લો હોય છે. તેની સાથે કામ પાડવામાં તમારે ઉચ્ચતમ દિવ્ય શક્તિની જરૂર રહે છે. વળી, સમગ્ર વિશ્વનો આખો સંસ્કાર તમારા પ્રયાસની વિરુદ્ધ છે. ઊર્ધ્વમાંથી કશાકે અવતીર્ણ થઈ અવરોધને દૂર કરવાની જરૂર છે.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૩૩થી ૨૩૬)

## અતિમાનસ વિશે અમુક ગેરસમજો

આપણા યોગનું લક્ષ્ય છે પારમાનસિક અસ્તિત્વની, પારમાનસિક જગતની, પારમાનસિક પ્રકૃતિની શોધ અને જીવનમાં તેમનું પ્રગટીકરણ. પણ આપણે અમુક સામાન્ય

ભૂલોથી સાવધાન રહેવું જોઈએ, કે જે ઊભી થાય એવો સંભવ છે. કેટલાક લોકો એમ માને છે કે અણિમા, ગરિમા, શારીરિક કાર્યો પર કાબૂ, રોગો મટાડવાની શક્તિઓ – આ પારમનસીકૃત શારીરિક છે. ઘણા કિસ્સાઓમાં, જે લોકો સભાનપણે કે અભાનપણે અવ-પ્રકાશમય અસ્તિત્વ (કે જ્યાં આ શક્તિઓ રહેલી છે) પ્રત્યે ખુલ્લા થાય છે, તેવા લોકોમાં આ શક્તિઓ આવે છે. ઘણા કિસ્સાઓમાં જેમને પારમનસ્‌નો અથવા યોગનો કશો પણ ખ્યાલ નથી તેવા લોકોમાં આ શક્તિઓ જોવામાં આવે છે.

એવો ખ્યાલ પ્રવર્તે છે કે આ યોગ માટે ભૂતકાળમાં અનેકવાર પ્રયત્નો થયા છે. પ્રકાશ અવર્તીણ થયો હતો અને વારંવાર પાછો ચાલ્યો ગયો છે. આ સાચું લાગતું નથી. મને જણાય છે કે પારમાનસીકૃત ભૌતિક શરીરને નીચે લાવવામાં આવ્યું નથી; નહિ તો તે હોત-જણાત. માટે આપણે આપણા પ્રયાસની ઓછી કિંમત ન આંકવી જોઈએ અને આપણી સિદ્ધિના માર્ગમાં અવરોધ ઊભા ન કરવા જોઈએ.

આખરી રૂપાંતર કેવા પ્રકારનું હશે તે કહેવાનો સમય હજી પાક્યો નથી. પ્રાચીન યોગીઓએ પોતાના જીવનમાં જે કાંઈ પ્રગટ કર્યું હતું તે મોટે ભાગે શારીરિક ક્રિયાઓ ઉપર તથા પદાર્થતત્ત્વ ઉપર પ્રાણિકશક્તિ દ્વારા મેળવેલા કાબૂને લીધે બન્યું હતું. આપણે પ્રગટીકરણની સર્વ ભૂમિકાઓ પર સમગ્ર અસ્તિત્વનું સંપૂર્ણ રૂપાંતર કરવા પ્રયત્ન કરી રહ્યાં છીએ. જૂની સાધનાપદ્ધતિઓમાં શારીરિક અસ્તિત્વનું રૂપાંતર અથવા તેના પર વિજય એ લક્ષ્ય ન હતું. તેઓ તેના પર સીધી પકડ કરતા નહિ.

એક એવો વિચાર પણ છે કે સર્વ એક જ છે, એટલે આપણે એક ચેતનાનો સાક્ષાત્કાર કરી લેવો જોઈએ અને આપણા અસ્તિત્વની જુદી જુદી ભૂમિકાઓ પર તેની ઓછીવત્તી અનુભૂતિ પ્રાપ્ત કરવી જોઈએ. વેદાંતના વિચારો પર વધારે પડતો ભાર મૂકવાને કારણે આ ભૂલ થાય છે. એક ચેતના છે અને આપણે તેનો સાક્ષાત્કાર કરવાનો છે એ વાત સાચી છે, પણ આપણે તે સાક્ષાત્કાર કરીને અટકી જવાનું નથી. મેં હમણાં જ કહ્યું તેમ આપણે આપણા સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર કરવાનું છે.

એવો એક વિચાર પ્રવર્તે છે કે આપણો પ્રયાસ સચેતન ઉત્ક્રાંતિ માટેનો છે. પદાર્થતત્ત્વમાં આત્મા અહીં અવક્રાન્ત છે, અને તેને તાબે હોય તેમ દેખાય છે. પ્રાણિક તથા માનસિક અસ્તિત્વો ઉત્ક્રાંતિની પ્રક્રિયા વડે અહીં પ્રગટ થયાં છે. આપણો પ્રયાસ મનમાંથી પારમનસને ઉત્ક્રાંત કરવાનો છે.

તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે, 'શારીરિક અસ્તિત્વને પ્રાણિકમાં લઈ લેવું, પ્રાણિકને માનસિકમાં અને તેને પારમાનસિકમાં તથા આનંદ ચેતનામાં લઈ લેવું.' બીજા એક ઉપનિષદમાં કહ્યું છે કે, 'પારમનસ્‌ને પ્રાપ્ત થયેલો માણસ સૂર્યના દ્વાર મારફતે મુક્તિ મેળવે છે. પારમનસ્‌માં આરોહણ કર્યા પછી, જીવનમાં સચેતન અવતરણ કરવાનો વિચાર ગેરહાજર છે.'

પણ આ પ્રક્રિયામાં, મનમાં, પ્રાણિક તથા ભૌતિક અસ્તિત્વમાં પરિપૂર્ણતા સાથે અવતરણ કરતી પારમનસ્‌ની ઋત ચેતનાની પ્રગટીકરણ પામેલા અસ્તિત્વમાં અવક્રાંતિ છે તેમ માનવું એ શક્ય છે.

આપણી સાધનામાં આપણને આરોહણની ગતિ પણ જણાય છે, પણ તે સમગ્ર વસ્તુ નથી. આપણે માત્ર આરોહણથી સંતોષ માની લેવાનો નથી. આપણે ફરી અવતરણ કરવાનું છે અને આપણા મન-પ્રાણ-શરીરનું, આપણી પ્રકૃતિનું, પારમાનસિક પ્રકાશને, સત્યને તથા સંવાદિતાને સચેતનાપૂર્વક નીચે લાવીને રૂપાંતર કરવાનું છે. આમ પદાર્થતત્ત્વમાં અવતરણ કરેલા આત્મામાંથી આપણે નિમ્નતર શક્તિઓને ઊર્ધ્વમાં રહેલા સત્યમાં અવક્રાન્ત કરવાની છે અને પછી સમગ્ર પ્રકૃતિમાં તે સત્યનું પ્રગટીકરણ કરવાનું છે.

આ કાર્ય બધા કરી શકે તેમ નથી. કેટલાક એવું માને છે કે દરેક જણ આ યોગ કરી શકે, પણ તે વાત માત્ર આંશિક રીતે જ સાચી છે. બધાને આ યોગ કરવા માટે સાદ પાડવામાં નથી આવતો. એમ કહી શકાય કે બધા માણસોમાં આ યોગ કરવાની ગૂઢ શક્તિ રહેલી છે. પણ તે તેમને આ યોગની તૈયારી માટે અમુક હદ સુધી આગળ વધવામાં મદદ માત્ર કરે છે. વિશાળ માનસિક વિસ્તૃતીકરણ, પ્રાણિક પ્રકૃતિની નિમ્નતર ગતિઓનો ઈન્કાર કરવાનું કઠિન, લાંબો સમય માગી લે તેવું, મુશ્કેલ કાર્ય અને તેના કરતાં પણ વધારે કઠિન, શારીરિક અસ્તિત્વમાં પરિવર્તન લાવવાનું કામ – આ બધા માટે બધા માણસો પ્રયાસ ન કરી શકે. પ્રથમ તો આપણે આપણા સમગ્ર અસ્તિત્વનું પારમાનસિક પ્રકૃતિમાં રૂપાંતર કરવા માગીએ છીએ. પણ તેટલું જ બસ નથી. આપણે તે શક્તિને નીચે બોલાવીને બાહ્ય જીવન પર ફેંકવાની છે અને ત્યાં પણ સત્યને તથા સંવાદિતાને સ્થાપિત કરવાનાં છે. મેં તમને કહ્યું છે કે આખરી રૂપાંતરનું સ્વરૂપ કેવું હશે તે કહેવાનો સમય હજી પાક્યો નથી. જ્યારે સમય આવશે ત્યારે તે પોતાની જાતને પ્રગટ કરશે. તમારી પાસે એટલી જ માંગ કરવામાં આવે છે કે તમારે સત્ય પ્રત્યે વધારેને વધારે ખુલ્લા બનવું. બીજું બધું પરમેશ્વરના સંકલ્પ અનુસાર થઈ રહેશે.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૩૬થી ૨૩૮)

## અતિમાનસ યોગ અને જગતની પરિસ્થિતિઓ

હું એકલવાયો યોગ નથી કરી રહ્યો. જ્યારે મેં 'યોગ અને તેના હેતુઓ' પુસ્તકમાં તે વાક્ય માનવજાતિ વિશે લખ્યું – કે જેને ખૂબ ગાળો ભાંડવામાં આવી છે ત્યારે તેની પીઠમાં એક સત્ય રહેલું હતું. જો કે હું તેનાથી સભાન ન હતો. પણ તે મારા એકલા માટે નથી. અલબત્ત, હું સિદ્ધિને પ્રાપ્ત કરું તો બીજાઓ પણ તે પ્રાપ્ત કરી શકે; તેની પૂર્વભૂમિકા રચાય. જો હું મારા એકલાની મુક્તિ અને પરિપૂર્ણતા માગતો હોત તો મારો યોગ ઘણા સમય પહેલાં ક્યારનોય પૂરો થઈ ગયો હોત.

શિષ્ય : તમે બપોરના પ્રવચનમાં કહ્યું હતું કે પહેલાં કોઈએ ભૌતિક સ્તર પર કાર્ય કર્યું નથી.

શ્રી અરવિન્દ : મેં એમ કહ્યું ન હતું કે ભૂતકાળમાં તેને માટે કોઈ પ્રયત્ન થયો નથી. પ્રયત્નો થયા હતા પણ ભૌતિક સ્તર પર કશું સ્થાયી પ્રાપ્ત કરવામાં આવ્યું ન હતું. કશું પાયાનું સ્થાપિત થયું ન હતું. જો તે સ્થાપિત થયું હોત તો તે જણાત, પછી ભલે ને સિદ્ધિ માત્ર આંશિક જ હોય. ગમે તેટલી આંશિક હોય પણ મન પર તથા પ્રાણિકમાં પણ તમે તે સિદ્ધિ જોઈ શકો છો. પણ ભૌતિક ભૂમિકામાં તમને તેવું કશું જણાતું નથી.

શિષ્ય : તેનો એવો અર્થ થાય કે ભૌતિક ભૂમિકા પર પારમનસ્‌ને લાવવા માટે જરૂરી વાતાવરણ તૈયાર કરવાનું છે ?

શ્રી અરવિન્દ : તેને માટે જ બધો પ્રયત્ન ચાલી રહ્યો છે. જો તમે એમ માનતા હો કે તે આ વખતે સિદ્ધ થાય, તો તમારે તેને માટે જરૂરી પરિસ્થિતિ સર્જવામાં મદદ કરવી જોઈએ.

(પોતાના તરફ આંગળી ચીંધીને) કેન્દ્ર આ રહ્યું. તમે તેમાંથી સ્વીકારી શકો છો. પણ જો આપણે સફળતા મેળવવી હોય તો આપણે બધાંએ એક બાજુએ એકત્રિત થવું જોઈએ. જો તમે વિરોધી સૂચનોને અવકાશ આપો તો તમે તમારી પ્રગતિમાં અવરોધ પેદા કરો છો અને સામાન્ય, સર્વસાધારણ પ્રગતિને પણ રૂંધો છો.

શિષ્ય : ભૌતિક પ્રકૃતિના પ્રતિકારને ઓછો કરવા માટે શું કરવું જોઈએ ?

શ્રી અરવિન્દ : તમારામાં સત્ય માટે સંપૂર્ણ સમન્વિત અભીપ્સા હોવી જોઈએ. અલબત્ત, સાધનામાં એવા તબક્કા આવે છે કે જ્યારે મન અવસન્ન બની જાય છે, ઉચ્ચતર હાજરી આચ્છાદિત બની જાય છે, જ્ઞાન અસ્પષ્ટ થઈ જાય છે. ત્યારે આભીપ્સા અને રામકૃષ્ણ જેને અંધશ્રદ્ધા કહેતા હતા તેવી શ્રદ્ધા સાધકને ટકાવી રાખે છે. ખરી રીતે જોતાં તે શ્રદ્ધા અંધ નથી હોતી. તે આત્માની સ્મૃતિ છે. જો રોગને દૂર કરવા માટે ક્યૂએની શ્રદ્ધાની જરૂર હતી, તો પારમનસ્‌ને અવતીર્ણ કરવા માટે વધારે શ્રદ્ધાની જરૂર છે.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૩૯-૨૪૦)

## વૈશ્વિક પરિસ્થિતિઓમાં તૈયારીઓની નિશાનીઓ

શિષ્ય : (એક્સ વતી) પહેલાંના કરતાં અત્યારે પારમનસ્‌ના અવતરણ માટે વૈશ્વિક પરિસ્થિતિઓ વધારે તૈયાર છે, તે કેવી રીતે ?

શ્રી અરવિન્દ : પ્રથમ તો ભૌતિક જગતનું જ્ઞાન એટલું બધું વિકાસ પામ્યું છે કે તે પોતાની મર્યાદાઓને ભાંગી નાખવાની અણી પર છે.

બીજું, બાહ્ય તથા આંતર માનસિક વચ્ચે, બાહ્ય તથા આંતર પ્રાણિક વચ્ચે, બાહ્ય તથા આંતર-શારીરિક વચ્ચે પણ જે પડદો છે તેને ભેદી નાખવાનો પ્રયાસ જગતમાં બધે થઈ રહ્યો છે. માણસો વધારે ચૈત્યિક બનતા જાય છે.

ત્રીજું, પહેલાંના કરતાં ખૂબ વધારે પ્રમાણમાં પ્રણિક ભૌતિક પરની પોતાની પકડને વધારે મજબૂત કરતું જાય છે. જ્યારે જ્યારે ઉચ્ચતર સત્ય અવતરણ કરે છે ત્યારે ત્યારે તે વિરોધી

પ્રાણિક જગતને સપાટી પર બહાર ફેંકે છે અને તમે અનેક પ્રકારનાં અસાધારણ પ્રાણિક પ્રગટીકરણો જોઈ શકો છો. દા.ત. પાગલ માણસોની સંખ્યામાં વધારો, ધરતીકંપ વગેરે... આ બધું સત્યના અવતરણની નિશાની રૂપ છે. વળી વિમાન, રેલ્વે, વાયરલેસ, ટેલિગ્રાફ, વગેરે આધુનિક વૈજ્ઞાનિક શોધોને પરિણામે જગત વધારે એકરૂપ બનતું જાય છે. આ એકરૂપતા ઉચ્ચતમ સત્યના અવતરણ માટેની એક શરત છે અને તે જ આપણે માટે મુશ્કેલીરૂપ બની જાય છે.

ચોથું, એવા માણસો પેદા થયા છે કે જે અનેક માણસો પર ખૂબ-ખૂબ પ્રભાવ પાડતા હોય છે.

આ બધી નિશાનીઓ એમ બતાવે છે કે અત્યારે વૈશ્વિક પરિસ્થિતિ વધારે તૈયાર હોઈ શકે. અલબત્ત, ભૂતકાળમાં થયેલા પ્રયાસોની પરિસ્થિતિઓ વિશે આપણે કાંઈ જાણતા નથી. પણ અત્યારે આપણે જે જોઈએ છીએ તે પરથી એમ કહી શકાય કે તેવા પ્રયત્ન માટે જરૂરી પરિસ્થિતિઓ ઊભી થઈ શકે.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૪૩-૨૪૪)

## જગતનાં બળોનું જ્ઞાન જરૂરી છે

શિષ્ય : જગતનાં બળોના જ્ઞાનને શું તમે યોગનો એક આવશ્યક ભાગ ગણો છો ?

શ્રી અરવિન્દ : હા. તમારે જગતનાં બળો સાથે કામ લેવાનું છે, કારણ કે તેઓ પોતાની અસર આપણા પર વરતાવે છે, ખાસ કરીને વિરોધી બળો. અને તે જ રીતે તમારે મદદ કરતાં બળોને પણ જાણવાં જોઈએ. માણસ વ્યક્તિગત સાધના કરતો હોય છે ત્યારે પણ આ વૈશ્વિક બળો પોતાની અસર વરતાવતાં હોય છે. અલબત્ત, જેમ જેમ તમે વિકાસ કરો છો તેમ તેમ તેમનો દેખાવ તદ્દન પલટાઈ જાય છે. આ વૈશ્વિક બળોની ગતિ નિમ્નતર ભૂમિકાઓ પર શરૂઆત કરતી હોતી નથી. તેમની શરૂઆત ઊર્ધ્વમાંથી થાય છે. એ વાત સાચી છે કે બધા નિર્ણયો ઊર્ધ્વમાં લેવાય છે, પણ લાગતીવળગતી ભૂમિકાઓને તેમને વિશે કશું જ્ઞાન આપવામાં આવતું હોતું નથી. વચ્ચે એક પડદો રાખવામાં આવે છે અને દરેક ભૂમિકાને પોતાનો નિર્ણય કરવાની છૂટ આપવામાં આવે છે. ઝઘડતાં બળો પર સંઘર્ષના પરિણામનો નિર્ણય છોડી દેવામાં આવે છે. જ્યારે નિર્ણયાત્મક વળાંક લેવામાં આવે છે ત્યારે જ ઉચ્ચતમ નિર્ણયનું જ્ઞાન આપવામાં આવે છે. સ્વલ્પતર જ્ઞાનને પ્રાપ્ત કરીને તમે તમારામાં ઉચ્ચતર જ્ઞાન વૃદ્ધિ પામે તેમાં મદદ કરી શકો છો.

એકાગ્ર અભીપ્સા વડે તમે આ પ્રયત્નમાં મદદ કરી શકો છો. આ આદર્શને સિદ્ધ થવામાં જે કાંઈ અવરોધરૂપ હોય તેનો તમારે ઇન્કાર કરવો જોઈએ. પણ તેમ કરવાને બદલે જો તમે વિરોધી બળોનાં સૂચનોનો સ્વીકાર કરતા રહો અને તેમના મંત્રોની પુનરાવૃત્તિ કરતા રહો કે જે મંત્રો તમારામાં તથા બીજાઓમાં એવો ખ્યાલ પેદા કરે કે આ શક્ય નથી, તો તમે વિરોધી બળોને મદદ કરો છો.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૪૩-૨૪૪)

## સર્વ ભાગોના સક્રિય સહકારની જરૂર

આજે હું પંદરમી ઓગસ્ટ વિશે થોડાક શબ્દો બોલીશ. મને તે વિશે તાજેતરમાં પૂછવામાં આવ્યું હતું અને તે વિશે કેટલાક માનસિક તથા રૂઢિબદ્ધ ખ્યાલોને દૂર કરવાના આશયથી મેં નિષેધાત્મક જવાબ આપ્યો હતો.

હવે હું તેની વિધેયાત્મક બાજુ વિશે વાત કરીશ. તેની એક બીજી બાજુ છે, જો તે બીજી બાજુ ન હોય તો આ ઊજવણીનો કશો અર્થ નથી. દેખીતાં કારણોસર હું અંગત બાજુનો ઉલ્લેખ નહિ કરું. પણ યોગ વિશે, આપણા સર્વ-સાધારણ લક્ષ્ય – હેતુ વિશે તે ઉજવણીનો શો અર્થ છે અને હોવો જોઈએ તે બાબતમાં હું સામાન્ય રૂપે થોડુંક કહીશ.

તમે તે લક્ષ્યને – હેતુને સૈદ્ધાંતિક રીતે તો જાણો છો. સામાન્ય માનવીને પૃથ્વી પર જે સંતોષ આપે છે તે ચેતના કરતાં તદ્દન જુદી જ ચેતનાને, શક્તિને, પ્રકાશને, વાસ્તવિક્તાને અવતીર્ણ કરવાનું આપણું લક્ષ્ય છે. તે એવી ચેતના, એવી શક્તિ, સત્યનો એવો પ્રકાશ, એવી વાસ્તવિકતા છે, કે જે પાર્થિવ ચેતનાને જરૂર ઊર્ધ્વીકૃત બનાવશે અને અહીં દરેક વસ્તુનું રૂપાંતર કરશે.

ઊર્ધ્વમાં નિર્ણય ન લેવાય ત્યાં સુધી તે ન બની શકે. પણ જ્યાં સુધી પાર્થિવ ચેતનાના અમુક ભાગમાં અને આ અહીં નિમ્નતર ભૂમિકાઓ પર રહેનારાઓમાંથી કેટલાક તેનો સ્વીકાર કરવા તૈયાર ન બને ત્યાં સુધી પણ તે ન બની શકે. એક વાર આ ચેતના, આ શક્તિ અવતીર્ણ બને, એટલે તે સદા માટે અને દરરોજ, તેને સ્વીકારવા રાજી હોય તથા યોગ્ય હોય તેમને માટે હાજર જ રહે.

પણ આપણે આજના દિવસને ખાસ મહત્ત્વ આપ્યું છે અને જો તે જેનું પ્રતીક છે તે સત્યના પ્રકાશમાં આપણે જીવન ધારણ કરીએ, તો જ તે સપ્રમાણ ઠરે. આજના દિવસ માટે, આપણે વ્યક્તિના તેમ જ બધાના સામાન્ય વિકાસમાં એક અવસ્થાની છાપ નિશ્ચિત કરી શકીએ. આજનો દિવસ સમર્પણનો, આત્મ-નિરીક્ષણનો, ભાવિ પ્રગતિ માટે તૈયારીનો અને શક્ય હોય તો પ્રગતિના કાર્યને આગળ ધપાવનાર શક્તિના સ્વીકારનો દિવસ બને તેવું આપણે કરવું જોઈએ. જો દરેક વ્યક્તિ સાચું વલણ અપનાવે અને આ દિવસે સાચી પરિસ્થિતિઓમાં જીવન ધારણ કરે તો જ આ શક્ય બને.

ગઈ વખતે મેં જે કહ્યું હતું તેનો ભાવાર્થ આ હતો. આપણે આ અર્થમાં તેને નિર્ણયાત્મક દિવસ બનાવી શકીએ અને આપણે તે સિદ્ધ કરવામાં સહાયક બની શકીએ.

અગાઉથી સમર્પણ થવું જોઈએ. આપણે ક્યાં સુધી પહોંચ્યાં છીએ તે જાણવા આપણે આપણી અંદર, આપણા ભૂતકાળ પ્રત્યે નજર ફેંકવી જોઈએ. આપણામાં શું તૈયાર છે તથા આપણામાં હજી શેનું પરિવર્તન નથી થયું અને જેમાં પરિવર્તન કરવાની જરૂર છે, સંપૂર્ણ રૂપાંતર માટે રાહ જોઈને શું ખડું રહ્યું છે – તે બધું આપણે આજના દિવસે જોવું જોઈએ. શું પ્રતિકાર કરી રહ્યું છે અને શું અસ્પષ્ટ છે તે પણ જાણી લેવું જોઈએ. આપણને જે પરિવર્તન

જરૂરી જણાય છે તેને સિદ્ધ કરવા માટે આપણામાં અભીપ્સા હોવી જોઈએ, આપણે તેને માટે શક્તિને નીચે બોલાવવી જોઈએ.

જો આજના દિવસે આપણે આપણી જાતને બહાર નાંખીશું – બહિર્મુખ બનીશું, તો આપણે તેમ નહિ કરી શકીએ. પણ ઉત્કટ એકાગ્રતાથી આપણે તેમ કરી શકીશું, જેથી આંતરિક અસ્તિત્વ તૈયાર બને અને પ્રકાશને સ્વીકારવા ઊર્ધ્વમુખી બને. જેટલા પ્રમાણમાં આપણે બહિર્મુખ બનાવનારી ગતિને દાખલ કરીશું તેટલા પ્રમાણમાં આપણે ઉચ્ચતર કાર્યમાં વિક્ષેપ પેદા કરીશું અને આંતરિક પરિવર્તનના કાર્ય માટે જરૂરી શક્તિનો દુર્વ્યય કરીશું. સામાન્ય દિવસો કરતાં બીજું જે કાંઈ આપણે આજે કરીએ તે તે ગતિના જ એક ભાગરૂપ કરાવું જોઈએ, અથવા તો અસ્તિત્વની બહારની સરહદ પર કરાવું જોઈએ, કે જેથી આંતરિક ગતિને કોઈ વિક્ષેપ ન થાય. આજના બધા રૂઢિગત સંજોગોનો ઉપયોગ પ્રગતિ માટે થવો જોઈએ.

જો સવારે તમે મારી પાસે આવો તો તે રૂઢિબદ્ધ વિધિ પતવવા માટે નહિ પણ કંઈક સ્વીકારવા માટે તૈયાર બનેલા આત્મા તથા મન સાથે તમારે આવવું જોઈએ. જો હું તમને અત્યારે કાંઈક કહું અને તમે તે સાંભળો અને તેથી માત્ર તમારા માનસિક રસનો સ્પર્શ થાય અને સંતોષ થાય, તો તો હું મૌન રહું તે વધારે સારું છે. પણ જો તે તમારા આત્માને, આંતર અસ્તિત્વને સ્પર્શે, તો જ આજનો દિવસ સાર્થક બન્યો ગણાય, અને ધ્યાન પણ એવી પરિસ્થિતિઓમાં થવું જોઈએ કે ભલે કશીક નિર્ણયાત્મક વસ્તુનું અવતરણ ન થાય, પણ એવું કશુંક અંદર ઝમી આવે કે જેનાં પરિણામો પાછળથી દેખાય.

***

## કાર્ય કેટલા પ્રમાણમાં સિદ્ધ થયું છે

આપણા યોગના દૃષ્ટિબિંદુથી, ૧૫મી ઑગસ્ટનો આ એક અર્થ છે.

તમે અત્યારે કઈ સ્થિતિમાં છો, કાર્ય કેટલા પ્રમાણમાં સિદ્ધ થયું છે, વગેરેનો મેળ મેળવવા માટે કેટલીક વસ્તુઓ યાદ રાખવી જરૂરી છે. મન વડે તમે તેમને જાણો છો.

પહેલું, યાદ રાખો કે બીજા યોગો જેને લક્ષ્યો ગણે છે, તે આપણે માટે માત્ર પ્રથમ ભૂમિકાઓ છે, અથવા પ્રથમ પરિસ્થિતિઓ છે. પહેલાંની યોગપદ્ધતિઓમાં, જો તમને બ્રાહ્મી ચેતનાનો અથવા વૈશ્વિક ચેતનાનો અનુભવ થાય, પ્રકાશના તથા શક્તિના અવતરણનો થોડો ઘણો અનુભવ થાય, અનંતનું કોઈક સૂચન પ્રાપ્ત થાય તો તે લોકો સંતોષ માનતા.

જો મનને અમુક આધ્યાત્મિક અનુભૂતિઓ થાય અને તેનું આંશિક રૂપાંતર થાય અને પ્રાણિક અસ્તિત્વ તેની સાથે સંપર્કમાં આવે તો તે પૂરતું ગણાતું.

તે લોકો એક સ્થિર સ્થિતિની શોધમાં હતા અને મુક્તિને અંતિમ લક્ષ્ય માનતા.

આ બધાનો સાક્ષાત્કાર કરવો, અનંત અને વૈશ્વિક શક્તિ પ્રત્યે ખુલ્લા થવું, તેનાં સૂચનો પ્રાપ્ત કરવાં અને અનુભૂતિઓ મેળવવી, અહંતાથી તદ્દન પર ચાલ્યા જવું, વૈશ્વિક મનનો, વૈશ્વિક આત્માનો, વૈશ્વિક અસ્તિત્વનો સાક્ષાત્કાર કરવો – આ બધું તો પ્રથમ શરત છે.

આપણે આ મહત્તર ચેતનાને સીધી રીતે આપણા પ્રાણિક અસ્તિત્વમાં તથા શારીરિક અસ્તિત્વમાં બોલાવવાની છે, જેથી નખથી શિખ સુધી તેની પરમ શાન્તિ તથા વૈશ્વિકતા ત્યાં આવે.

જો આ ન થઈ શકે તો રૂપાંતરની પ્રથમ શરત પૂર્ણ થઈ ન ગણાય.

બીજી જે વસ્તુ આપણે જાણવાની તથા યાદ રાખવાની છે તે આ છે કે જ્યાં સુધી બધું જ પરિપૂર્ણ રીતે થયું નથી, ત્યાં સુધી કશું જ થયું નથી. મનને તથા પ્રાણિક અસ્તિત્વને ખુલ્લાં કરવાં અને શારીરિક અસ્તિત્વને તેની અસ્પષ્ટતામાં રહેવા દેવું, તે પૂરતું નથી.

રૂપાંતરની બાબતમાં પણ, જ્યાં સુધી પ્રાણિક અસ્તિત્વનું રૂપાંતર સિદ્ધ થયું નથી ત્યાં સુધી મનનું રૂપાંતર શક્ય નથી. જો પ્રાણિક અસ્તિત્વનું રૂપાંતર ન થાય તો કશાનો સાક્ષાત્કાર ન થાય, કારણ કે સાક્ષાત્કાર તો પ્રાણિક અસ્તિત્વ જ કરતું હોય છે. એટલે જો મનનું માત્ર આંશિક પરિવર્તન થાય અને પ્રાણિક અસ્તિત્વ ખુલ્લું થાય અને તેનું પણ આંશિક પરિવર્તન થાય તો તે આપણા હેતુ માટે પર્યાપ્ત નથી. જ્યાં સુધી શારીરિક અસ્તિત્વ ખુલ્લું ન બને અને તેનું પરિવર્તન ન થાય ત્યાં સુધી પ્રાણિક અસ્તિત્વની સમગ્ર ક્ષેત્રમર્યાદાનું રૂપાંતર ન થાય, કારણ કે દિવ્ય પ્રાણિક અયોગ્ય પરિસ્થિતિવાળા જીવનમાં પોતાની જાતનો સાક્ષાત્કાર ન કરી શકે.

જો બાહ્ય માણસનું રૂપાંતર ન થાય તો આંતરિક શારીરિક અસ્તિત્વનું પરિવર્તન બસ નથી. યોગની આ પ્રક્રિયામાં સંપૂર્ણ સમગ્રતા છે અને એક ભાગ બીજા પર આધાર રાખે છે. એટલે વચ્ચે અટકી જવું તે બીજા જીવન માટેની તૈયારી હોઈ શકે, પણ તે વિજય નથી. કોઈ પણ વસ્તુનું સ્થાયી પરિવર્તન થતા પહેલાં સમગ્રનું પરિવર્તન કરવું જરૂરી છે. ત્રીજી એ વાત યાદ રાખવાની છે કે જો સમગ્રનું પરિવર્તન કરવું હોય, બધું કાર્ય સમાપ્ત કરવું હોય, તો સંપૂર્ણ સમર્પણ થવું જોઈએ.

તેનો અર્થ એ છે કે અસ્તિત્વના કોઈ પણ ભાગમાં કશું પોતાને માટે બાકાત રખાવું ન જોઈએ; જૂના રૂઢિબદ્ધ વિચારો તથા કાર્ય કરવાની માનવી રીતો સાથે કોઈ પણ બાંધછોડ કરવી ન જોઈએ. જો કોઈ પણ ભાગમાં કોઈ પણ વસ્તુને બાકાત રાખવામાં આવે તો તેનો અર્થ એ થયો કે સત્યનો સ્વીકાર થયો નથી અને તો પછી આપણે આંશિક સિદ્ધિની તથા આંશિક રૂપાંતરની જૂની ભૂલ ફરી પાછાં કરીશું. અજ્ઞાનને મહાલવા માટે આપણે કોઈ પણ ક્ષેત્ર બાકી રાખવું ન જોઈએ.

આપણે માટે સત્ય અને અસત્ય વચ્ચે બાંધછોડ ન હોઈ શકે, તેવા પ્રકારના કોઈ પણ સિદ્ધાંતો સ્વીકારવા ન જોઈએ; પરમાત્મા અને નિમ્નતર પ્રકૃતિ વચ્ચે બાંધછોડ ન હોઈ શકે.

આ વસ્તુઓને યાદ રાખીને આપણે આપણા કાર્યનો સ્ટોક લેવો જોઈએ. કેટલું કાર્ય કરવાનું બાકી રહ્યું છે તે જોવું; પણ નિરાશાપૂર્વક નહિ, કારણ કે માર્ગ લાંબો અને કઠિન છે, ચમત્કાર વડે તે એકદમ સિદ્ધ થઈ જતો નથી. માત્ર વિશાળ અને પરિપૂર્ણ ગતિ વડે જ તે

સિદ્ધ થઈ શકે તેમ છે. તમારે દરેક પગલું એક ચિહ્ન તરીકે, પરાત્પર પ્રત્યે એક આગળ ભરાતા પગલા તરીકે, પ્રોત્સાહન તરીકે, ભરવું જોઈએ. એક બાજુ પ્રાપ્ત કરવાના વિજય માટે જરૂરી નિશ્ચયમાં અને ઉત્સાહમાં કશી કમી ન હોવી જોઈએ અને બીજી બાજુએ કોઈ ઉતાવળભરી અધીરાઈ અને અવસાદ ન હોવાં જોઈએ. પણ ભગવાનના સંકલ્પ માટે શાન્ત ખાતરી, એવો શાન્ત સંકલ્પ કે અમારામાં તે સિદ્ધ થશે જ, અને એવી અભીપ્સા કે અમારામાં તે સિદ્ધ થાઓ કે જેથી તે જગત માટે સિદ્ધ થઈ શકે – આ વસ્તુઓ જરૂરી છે.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૪૪થી ૨૪૮)

## ભૌતિક વિશ્વનો પ્રતિરોધ

શિષ્ય : આ વખતે આપણા પ્રયાસોની સફળતા વિશે તમે શું કહો છો ? ગઈ વખતે તમે કહ્યું હતું કે, 'મને તેને વિશે ખાતરી છે.'

શ્રી અરવિન્દ : હું એમ કહી શકું કે મને નૈતિક ખાતરી છે પણ વ્યવહારુ ખાતરી નથી. મને વ્યવહારુ ખાતરી નથી, કારણ કે ભૌતિક જગત પશ્ચાતાપ નથી કરતું, એ નફ્ફટ છે. ભૌતિક જગતનો પ્રતિકાર કદાચ તરી ન શકાય તેવી મુશ્કેલી કે અવરોધ ઊભો કરે.

શિષ્ય : '**પશ્ચાત્તાપ નથી કરતું**' – એટલે તમે શું કહેવા માગો છો ?

શ્રી અરવિન્દ : ભૌતિક જગત ભગવાન માટે અથવા દિવ્ય જીવન માટે એક તલભાર પણ દરકાર કરતું નથી.

શિષ્ય : '**ભૌતિક જગતના પ્રતિકાર**'થી તમે શું કહેવા માગો છો ?

શ્રી અરવિન્દ : તે કોઈક ઉચ્ચ વસ્તુ પ્રત્યે ખુલ્લું થઈ શકતું નથી. તે જેનાથી ટેવાઈ ગયું છે તેના કરતાં ભિન્ન કોઈ વસ્તુનો તે ખ્યાલ કરી શકતું નથી. જો મને કહેવા દો, તો હું માનવની અસ્પષ્ટતા અને મૂર્ખાઈનો ઉલ્લેખ કરું છું. જ્યારે હું ભૌતિક જગતના પ્રતિરોધની વાત કરું છું ત્યારે બાહ્ય ભૌતિકની નહિ પણ સૂક્ષ્મ ભૌતિકની હું વાત કરી રહ્યો છું. બાહ્ય ભૌતિક તેમ જ સૂક્ષ્મ ભૌતિક છે. અને જ્યારે હું એમ કહું છું કે 'પદાર્થતત્ત્વ અભેદ્ય છે' ત્યારે હું એમ કહેવા માગુ છું કે, 'સૂક્ષ્મ ભૌતિકે સત્યનો સ્વીકાર કર્યો નથી, ભૌતિક મને ઉચ્ચતર સત્યનો સ્વીકાર કર્યો નથી.' ભૌતિક શરીરના કોશાણુઓને પોતાની ચેતના હોય છે અને તે ચેતનાએ પોતાની જાતને સત્ય પ્રત્યે ખુલ્લી કરવાની હોય છે. પણ ભૌતિક મન રૂપાંતરની દિવ્ય શક્યતામાં માનતું નથી. અને મેં કહ્યું તેમ, જ્યાં સુધી બધું જ સિદ્ધ થયું નથી ત્યાં સુધી કશું જ સિદ્ધ થયું નથી.

શિષ્ય : તમને નૈતિક ખાતરી કઈ રીતે છે ?

શ્રી અરવિન્દ : કારણ કે હું શારીરિકમાં વધારેને વધારે અવતરણ કરતી શક્તિને જોઉં છું. અને શારીરિક અસ્તિત્વમાં જાગૃતિનાં ચિહ્નો દેખાય છે.

(શ્રી અરવિન્દ સાથે સાંજના વાર્તાલાપો : (ખંડ ૨-૩) શ્રી અંબુભાઈ પુરાણી : પૃ. ૨૪૮-૨૪૯)



ઈશ્વર સર્વશક્તિમાન હોવાથી પૃથ્વી ઉપર અવતરવાની તસ્દી લીધા સિવાય તેઓ માણસોને ઊર્ધ્વે ઉઠાવી શકે છે. એ તો જ્યારે વિશ્વ વ્યવસ્થાના ભાગરૂપ નક્કી થયું હોય ત્યારે જ માત્ર તેમણે પોતાની ઉપર માનવજાતિનો બોજો લેવો જોઈએ અને માર્ગ ખુલ્લો કરી આપવો જોઈએ. અને એમાં જ અવતાર થવાનું તાત્પર્ય રહેલું છે.

**(CWM : 15 : 18)** **શ્રી માતાજી**

# ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ : ભારત માટે સંદેશ

## જૂના યુગનો અંતઃ નૂતન યુગનો પ્રારંભ

ઑગસ્ટ ૧૫, ૧૯૪૭ એ સ્વતંત્ર ભારતનો જન્મદિન છે. ભારતને માટે આ દિવસે એક જૂનો યુગ પૂરો થાય છે. એક નવો યુગ બેસે છે એટલું જ નહીં, આખા જગત માટે આપણે એને એક મહત્ત્વનો દિવસ બનાવી શકીએ છીએ. એક સ્વતંત્ર પ્રજા તરીકેના આપણા જીવન અને કર્મ દ્વારા આખી માનવજાતિના ભાવિ માટે, તેના રાજકીય સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસની દિશામાં એક નવા યુગનું મંડાણ પણ આપણે કરી શકીએ છીએ. ૧૫મી ઑગસ્ટ એ મારો પોતાનો જન્મદિવસ છે. એ દિવસ આવું મહાન ગૌરવ ધારણ કરે એ પણ મારે માટે એક સ્વભાવિક રીતે ઘણી આનંદપ્રદ ઘટના છે. આ સુયોગને હું કેવળ એક અકસ્માત તરીકે જ નથી જોતો. પરંતુ મારા જીવનના આરંભકાળથી મેં જે કાર્ય હાથ ધર્યું છે, અને એ કાર્યમાં પ્રભુની જે દિવ્ય શક્તિ મને પદે પદે દોરી રહી છે તે દિવ્ય શક્તિને મારા આ કાર્ય ઉપર આ સુયોગ દ્વારા પોતાની મહોરછાપ મારી આપતી જોઉં છું. આ સુયોગમાં હું મારા જીવનકાર્યને પૂર્ણ સિદ્ધિની દિશામાં ગતિ કરતું જોઉં છું. સાચે જ, મારા જીવનકાળ દરમિયાન જે જે જગદ્‌વ્યાપી પ્રવૃત્તિઓને સફળ થવાની મેં આશા સેવી હતી અને તે કાળે તો એ પ્રવૃત્તિઓ કેવળ અવ્યવહારુ સ્વપ્ન જેવી જ દેખાતી હતી, તે સઘળી પ્રવૃત્તિઓને હું આજે સફળ થતી, યા તો સફળતાની દિશામાં ગતિ કરતી જોઉં છું. સ્વતંત્ર બનેલું ભારત આ સર્વ પ્રવૃત્તિઓમાં ઘણો મોટો ભાગ ભજવી શકે છે, જગતને માર્ગદર્શક બની શકે છે.

## ભારત સ્વતંત્ર બન્યું છે પણ એકતા સિદ્ધ નથી કરી

આ સ્વપ્નોમાં પ્રથમ સ્વપ્ન હતું એક ક્રાંતિકારી આંદોલન દ્વારા સ્વતંત્ર અને સંગઠિત ભારતનું સર્જન કરવું. આજે ભારત સ્વતંત્ર બન્યું છે પણ તેણે એકતા સિદ્ધ નથી કરી. એક ક્ષણે તો એમ પણ લાગતું હતું કે આ સ્વતંત્ર થવાની ક્રિયામાં જ તે પાછું બ્રિટિશ અમલ પૂર્વે હતી તેવી છૂટાં છૂટાં રાજ્યોની અંધાધૂંધી ભરેલી હાલતમાં સરી પડશે. પરંતુ હવે એમ લાગે છે કે સદ્‌ભાગ્યે આ ભય હવે ઊભો નહીં થાય, અને જો કે હજી તો અપૂર્ણ રહેલું છતાં એક વિશાળ અને શક્તિશાળી સંઘતંત્ર સ્થપાશે. વળી બંધારણ સભાની ડહાપણપૂર્વકની જોરદાર નીતિને લીધે દલિત વર્ગોનો પ્રશ્ન પણ કશી ફાટફૂટ વિના ઊકલી જશે એમ સંભવિત લાગે છે. પણ હિંદુઓ અને મુસલમાનો વચ્ચેના જૂના કોમી ભેદે આજે તો જાણે દેશના કાયમી રાજકીય ભાગલાનું રૂપ લઈ લીધેલું દેખાય છે. આશા રાખીએ કે આ સિદ્ધ થઈ ગયેલી હકીકત તરીકે નહીં સ્વીકારી લેવામાં આવે, અને એને એક કામચલાઉ નિવેડો જ ગણવામાં આવશે. કારણ કે જો આ ભાગલા ચાલુ રહેશે તો શક્ય છે કે ભારત ગંભીરપણે નિર્બળ બની જાય, સાવ અપંગ

પણ બની જાય. આ ભાગલા રહેશે ત્યાં સુધી આંતરવિગ્રહનો હંમેશાં સંભવ રહેવાનો. એટલું જ નહીં, ભારત પર કોઈ બીજી સત્તાનું આક્રમણ પણ બને, અને પરદેશી સત્તાના હાથમાં પાછું ભારત ચાલ્યું જાય. ભાગલાને લીધે ભારતનો પોતાનો આંતરિક વિકાસ અને પ્રગતિ પણ અટકી પડે, જગતની પ્રજાઓમાં પણ તેનું સ્થાન નબળું પડી જાય, તથા ભારતનું પોતાનું જે વિશિષ્ટ જીવનકાર્ય છે તેને ક્ષતિ પહોંચે અને તે નષ્ટભ્રષ્ટ પણ થઈ જાય એવો પણ સંભવ છે જ. આમ ન જ થવા દેવાય. ભાગલા જવા જ જોઈએ. આપણે આશા રાખીએ કે આ ઘટના સ્વાભાવિક રીતે જ બની આવે. ભારતના આ બે ભાગ વચ્ચે શાંતિ અને સુમેળ હોવાં જરૂરી છે એટલું જ નહીં પણ બંનેએ ભેગા મળીને કાર્ય કરવાનું છે એ વાતનો વધુ ને વધુ સ્વીકાર થવા લાગે, બંને ભાગો ભેગા મળીને કાર્ય કરવા લાગે અને એ માટે જરૂરી સાધનો ઊભાં કરવામાં આવે એ આ એકતા પાછી લાવવાના સંભવિત ઇલાજો છે. આ એકતા ભલે પછી ગમે તે રૂપમાં આવે. એ રૂપ કયા પ્રકારનું હશે તેનું ભલે વ્યવહારુ દૃષ્ટિએ મહત્ત્વ હોય, પણ તેને એકતાના મૂળ પ્રશ્ન સાથે સીધો સંબંધ નથી. ગમે તે સાધન દ્વારા, ગમે તે પ્રકારે, આ ભાગલા જવા જ જોઈએ. એકતા સ્થાપવી જ જોઈએ અને સ્થપાશે જ. આ એક અનિવાર્ય આવશ્યકતા છે. એ વિના ભવિષ્યમાં ભારત મહાન નહીં બની શકે.

## એશિયામાં ભારતે ભજવવાનો ભાગ અને માનવજાતિની એકતા

મારું બીજું સ્વપ્ન હતું એશિયાની પ્રજાઓની જાગૃતિનું, તેમની સ્વતંત્રતાનું, માનવ સંસ્કૃતિના વિકાસમાં એશિયાએ જે મહાન ભાગ ભજવવાનો છે તે ભજવતું તે થાય તેનું. એશિયા જાગ્યું છે, એશિયાનો ઘણો મોટો ભાગ હવે તદ્દન સ્વતંત્ર બન્યો છે અથવા તો આ ક્ષણે સ્વતંત્ર થઈ રહ્યો છે. એશિયાના કેટલાક પ્રદેશ હજી પૂરેપૂરા અથવા અરધાપરધા પરતંત્ર છે, પણ તે પણ પોતપોતાના જંગ ખેલતા સ્વતંત્રતા પ્રત્યે ગતિ કરી રહ્યા છે. હવે માત્ર થોડુંક કરવાનું બાકી છે અને તે આજકાલમાં થઈ જશે. એ વિષયમાં પણ ભારતે પોતાનો ભાગ ભજવવાનો છે અને તે તેણે ભજવવા પણ માંડ્યો છે. એ બાબતમાં ભારતે આ થોડા વખતમાં પણ એવી તો સ્ફૂર્તિ અને શક્તિ બતાવી છે કે જેમાંથી તેની ભાવિ શક્તિઓનો ખ્યાલ આજે પણ આવી શકે છે અને જગતના પ્રજાસંઘમાં તે કયું સ્થાન લઈ શકે તેમ છે તે જોઈ શકાય છે.

મારું ત્રીજું સ્વપ્ન હતું જગતના એક રાષ્ટ્રસંઘની સ્થાપના કે જે દ્વારા માનવજાતિને એક વધુ સુંદર, વધુ ઉજ્જવળ અને વધુ ઉત્તમ જીવન જીવવા માટે એક બાહ્ય ભૂમિકા પ્રાપ્ત થાય. માનવજાતિની એ એકતા આજે રચાઈ રહી છે. એ દિશામાં હજી એક અપૂર્ણ એવું સંગઠન શરૂ તો થયું છે. પરંતુ તેની સામે પ્રચંડ મુશ્કેલીઓ ઊભેલી છે. તો પણ એ કાર્યને વેગ મળી ચૂક્યો છે. એ વેગ વધુને વધુ વધતો જશે અને છેવટે આ પ્રવૃત્તિ વિજય પામવાની જ છે. આ વિષયમાં પણ ભારતે આગળ પડતો ભાગ ભજવવા માંડ્યો છે. અને જો ભારત, વર્તમાન પરિસ્થિતિ તથા નજીકની શક્યતાઓમાં જ પુરાઈ ન રહેતા, ભવિષ્યની શકયતાઓ જોઈ શકે અને તેને વધુને વધુ નજીક લઈ આવે એવી રાજકીય કુનેહ ખીલવી શકે તો રાષ્ટ્રસંઘમાં તે

પોતાની હાજરીનો ઘણો પ્રભાવ પાડી શકશે. એ સંઘ અત્યારે જે મંદ વેગે બીતાં બીતાં ગતિ કરી રહ્યો છે તેમાં ભારત ઘણી હિંમત અને વેગ પૂરી શકશે. આજે જે કાર્ય થઈ રહ્યું છે તેને અટકાવી દે યા તો તેને નાશ કરી નાખે એવી કોઈ આપત્તિ ઊભી થવાનો પણ સંભવ છે, તેમ છતાં છેવટનું પરિણામ તો નિશ્ચિત જ છે. જગતની પ્રજાઓ એક બને એ કુદરતની પોતાની જ આવશ્યકતા છે. એ એક ટાળી ન શકાય તેવી ક્રિયા છે. જગતની પ્રજાઓ માટે આ એકતા કેટલી બધી આવશ્યક છે એ તો અત્યંત સ્પષ્ટ વાત છે. આવી એકતાની ગેરહાજરીમાં જગતની નાની નાની પ્રજાઓની સ્વતંત્રતા કોઈ પણ ક્ષણે ભયમાં મુકાઈ જવાનો સંભવ છે. એટલું જ નહીં, મોટી તથા બળવાન પ્રજાઓનું જીવન પણ એટલું જ બિનસલામત રહેવાનું છે. **આમ બધી રીતે જોતાં માનવજાતિની એકતા સર્વ કોઈના હિતની વસ્તુ છે.** જો માનવજાતિ નિર્વીર્ય હશે અને મૂર્ખ રીતે સ્વાર્થમાં ડૂબેલી રહેશે તો જ આ એકતા સિદ્ધ નહીં થાય. પરંતુ આ વસ્તુઓ કુદરતની આવશ્યકતા આગળ તેમ જ પરમાત્માની દિવ્ય ઇચ્છાશક્તિ આગળ કાયમની ટકી શકવાની નથી જ. પણ આ એકતા સિદ્ધ કરવા માટે એકલી બાહ્ય ભૂમિકા જ પૂરતી નથી. જગતમાં એક આંતરરાષ્ટ્રીય ભાવના અને દૃષ્ટિનો પણ ઉદય થવો જોઈએ. માણસોને બેવડી અથવા તો અનેકદેશીય નાગરિકતાના હક મળે. સંસ્કૃતિઓનો બુદ્ધિપૂર્વક વિનિમય થાય, તેમનું સ્વેચ્છાપૂર્વક સંમિશ્રણ થાય, એવી એવી પ્રવૃત્તિઓ થવા લાગવી જોઈએ. રાષ્ટ્રવાદે કરવાનું કામ હવે થોડા સમયમાં જ પૂરું થઈ જશે. એનામાં રહેલી આક્રમક વૃત્તિ હવે દૂર થઈ જશે. આ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સાથે હરેક રાષ્ટ્ર પોતાના આત્મસંરક્ષણનો તથા પોતાની લાક્ષણિક જીવનપ્રણાલીનો મેળ પણ જાળવી શકશે. માનવજાતિમાં હવે એકતાની એક નવીન ભાવના વ્યાપક બનશે.

મારું એક બીજું સ્વપ્ન હતું ભારતે જગતને આપવાની આધ્યાત્મિકતાની ભેટ. એ કાર્ય પણ શરૂ થઈ ચૂક્યું છે. ભારતની આધ્યાત્મિકતા યુરોપ અને અમેરિકામાં વધુ ને વધુ પ્રમાણમાં પ્રવેશ કરી રહી છે. એ પ્રવૃત્તિ હવે વિશેષ ને વિશેષ વૃદ્ધિ પામશે. આજના ઘોર વિપત્તિ યુગમાં વધુને વધુ આંખો ભારત તરફ આશાભેર વળવા લાગી છે. લોકો ભારતની તત્ત્વદૃષ્ટિને અનુસરવા લાગ્યા છે. એટલું જ નહીં, ભારતની સક્ષ્મ અને આધ્યાત્મિક સાધનાનો પણ આશ્રય લેવા લાગ્યા છે.

મારું છેલ્લું સ્વપ્ન હતું માનવવિકાસમાં સાધવાનું એક નવું પગલું, એક નવી ભૂમિકાની પ્રાપ્તિ. એ એક એવું પગલું હશે કે જેને લીધે મનુષ્ય એક વધુ ઉચ્ચ અને વિશાળ ચેતનાની અંદર આરોહણ પામશે અને મનુષ્યમાં વિચારશક્તિનો ઉદય થતાં તેણે પોતાની પૂર્ણતાનાં તેમજ સંપૂર્ણ સમાજનાં સ્વપ્ન સેવવા માંડ્યા ત્યારથી જે જે પ્રશ્નો ગૂંચવી અને મૂંઝવી રહ્યા છે તેમનો તે ઉકેલ લાવી શકશે. પરંતુ આ તો હજી મારી અંગત આશા જ છે, તોપણ ભારતમાં તેમજ પશ્ચિમમાં પણ એ આદર્શો ચિંતનશીલ માણસોને આકર્ષવા માંડ્યા છે. બીજા કોઈ ક્ષેત્ર કરતાં આ વિષયમાં તો ઘણી જ વિકટ મુશ્કેલીઓ સામે ઊભેલી છે. **પણ મુશ્કેલીઓ ઊભી**

થાય છે એનો અર્થ એટલો જ છે કે આપણે તેમને જીતવાની છે. અને જો પ્રભુઇચ્છા હશે તો તે જિતાશે જ. આ કાર્ય આંતરચેતનાના તથા આત્માના વિકાસ દ્વારા જ શક્ય બનવાનું છે. અને આ વિષયમાં પણ, માનવજાતિમાં આ વિકાસ થવાનો હશે તો તેનો આરંભ ભારત જ કરી શકે તેમ છે. વળી આ પ્રવૃત્તિએ સમસ્ત માનવજાતિની પ્રવૃત્તિ બનવાનું છે. તો પણ સંભવ છે કે એનું કેન્દ્ર તો ભારત જ બને.

ભારતની સ્વતંત્રતાના આજના દિવસનું રહસ્ય હું આ રીતે જોઉં છું. આ આશા સફળ થશે કે નહીં, યા તો કેટલી સફળ થશે એનો આધાર હવેના સ્વતંત્ર અને નૂતન ભારત પર રહે છે.

**શ્રી અરવિન્દ**

---

તા.ક. શ્રી અરવિન્દે આ સંદેશ ઑલ ઇન્ડિયા રેડિયો તીરુચિરાપલ્લીની વિનંતીનો સ્વીકાર કરી ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે પ્રસારિત કરવા લખી આપ્યો હતો.

## ભારત માતાનું આહ્‌વાન

## ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭

હે અમારી માતા, હે ભારતના આત્મા, હે માતા, જ્યારે તારાં બાળકોએ તારા અવાજની વિરુદ્ધમાં મોઢું ફેરવી લીધું હતું અને બીજી સત્તાઓની સેવા કરી હતી અને તારો ત્યાગ કર્યો હતો ત્યારે પણ જેણે નિરાશાના દિવસોમાં પણ તે લોકોનો ત્યાગ કર્યો ન હતો તેઓ અત્યારે જાગ્રત થયા છે અને જ્યારે આજના મુક્તિના પ્રભાતે તારા મુખ ઉપર ઓજસ દેખાય છે ત્યારે આ મહાન સમયે અમે તને વંદન કરીએ છીએ. અમને દોરવણી આપ જેથી કરીને અમારી સમજની ખુલ્લી થયેલી ક્ષિતિજ, રાષ્ટ્રોના સમૂહમાં સાચી મહત્તા અને સાચા જીવનની ક્ષિતિજ ખુલ્લી કરે અને તું અમને માર્ગદર્શન આપ જેથી કરીને અમે ઉચ્ચ આદર્શો તરફ જ રહીએ અને તારું સાચું મુખદર્શન લોકોને કરાવીએ અને આત્માના માર્ગના સાચા પથદર્શન તથા લોકોના મિત્ર અને મદદગાર તરીકે અમે કાયમ રહીએ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૩૦૦)

# વૃત્ત વિશેષ

તા. ૨૧-૬-૨૦૧૬ના રોજ શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિન' નિમિત્તે સવારે ૬.૦૦થી ૭.૦૦ દરમિયાન યોગાસનોના નિદર્શનનો, અભ્યાસનો અને 'સૂર્યનમસ્કાર'ના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

યોગાસનોના નિદર્શન અને કાર્યક્રમનું સંચાલન યોગ શિક્ષણ શ્રી પરશુરામ કહાર (ગટુભાઈ) અને શ્રી રશ્મિભાઈ વ્યાસે કર્યું હતું. શ્રી અરવિન્દ નિવાસ સાથે સંકળાયેલા યોગાભ્યાસના વિદ્યાર્થીઓ ઉપરાંત બાજુમાં આવેલી ગવર્નમેન્ટ ટેકનીકલ સ્કૂલના વિદ્યાર્થીઓ અને આચાર્યશ્રી સાથે સ્ટાફના સભ્યો પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

લગભગ સવા કલાકના ઊર્જાસભર કાર્યક્રમનું સમાપન 'વંદેમાતરમ્' ના ગાન સાથે કરવામાં આવ્યું અને ત્યારબાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. લગભગ ૬૫-૭૦ વ્યક્તિઓએ ભાગ લીધો.

*

સાંજે ૬.૩૦ વાગે દિવ્ય જીવન સંઘ, ચિન્મય મિશન અને શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના સંયુક્ત ઉપક્રમે 'યોગદિવસ' ઉપર દિવ્ય જીવન સંઘની વડોદરા શાખાના હોલમાં એક વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિન્મય મિશન તરફથી સ્વામીશ્રી દેવેશાનંદજી, દિવ્યજીવન સંઘ તરફથી ડૉ. જયંત દવે અને શ્રી અરવિન્દ સોસાયટી તરફથી શ્રી શરદભાઈ જોષીએ વિચાર ગોષ્ઠિમાં ભાગ લીધો હતો. ત્રણે વક્તાઓએ ચિંતનસભર વ્યાખ્યાનો રજૂ કર્યાં હતાં.

*

તા. ૧૧.૬.૨૦૧૬ના રોજ શ્રી અરવિન્દ નિવાસ વડોદરામાં ડૉ. એચ.બી. પટેલ (શ્રી હરમાનભાઈ પટેલ)ની સ્મૃતિમાં ડૉ. જયંત દવે (પ્રોફેસર ઑફ ફાર્માસી મ.સ.યુનિ. અને દિવ્ય જીવન સંઘ વડોદરા શાખાના પ્રેસિડેન્ટ ટ્રસ્ટી)નું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

શરૂઆતમાં પ્રાર્થના બાદ શ્રી શરદભાઈ જોષીએ આ પ્રવચનમાળાનાં યજમાન શ્રીમતી યશોમતિબેન પટેલ અને વ્યાખ્યાતા ડૉ. જયંત દવેનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું તથા આ પ્રવચનમાળાની પૂર્વભૂમિકા સમજાવી. અને ડૉ. દવે સાહેબને તેમનું વ્યાખ્યાન આપવા વિનંતી કરી. વ્યાખ્યાનનો વિષય હતો, 'વિજ્ઞાન અને અધ્યાત્મ દ્વારા સત્યની શોધ.'

શ્રી જયંતભાઈએ અસ્તિત્વના બે મૂળભૂત તત્ત્વોના નિરૂપણથી વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો.

'' इदम् એટલે આ દૃશ્ય જગત, પદાર્થરૂપ જગત અને अहम् એટલે તેને જોનાર આત્મતત્ત્વ. વિજ્ઞાન 'इदम्' ના મૂળમાં પહોંચવાનો અવિરત પ્રયત્ન કરી રહ્યું છે, જ્યારે અધ્યાત્મ 'अहम्' ના મૂળમાં પહોચવાનો ઉપક્રમ સેવે છે.''

**અસ્તિત્વના આ બન્ને આયામો ઉપર એમણે વિશદ્ અને શાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં તાત્ત્વિક વિચારો રજૂ કર્યા.** **(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)**

*

**મા – શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીધામ (કચ્છ) તથા અંજાર (કચ્છ)ના ઉપક્રમે ૧ જૂન ૨૦૧૬થી ૭ જૂન ૨૦૧૬ દરમિયાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વક્તા પ્રા. શ્રી અશ્વિનભાઈ કાપડિયાના ૪૨૬ને ૪૨૭મા 'સાવિત્રી જ્ઞાનયજ્ઞો'નાં આયોજનો કરવામાં આવ્યાં હતાં.**

**અંજાર મુકામે સવારે ૧૦થી ૧૨ તેમ જ સાંજે ૬થી ૮ દરમિયાન અનુક્રમે શ્રી યદુવંશી સોરઠિયા આહીર સમાજવાડીના હોલમાં તથા શ્રી નિર્વાસિતેશ્વર મહાદેવ મંદિરના હોલમાં જ્ઞાનયજ્ઞોનાં સત્રો યોજાયાં હતાં.**

**મોટી સંખ્યામાં બંને શહેરોના જિજ્ઞાસુ લોકોએ શ્રી અશ્વિનભાઈની અસ્ખલિત રજૂઆતના માધ્યમથી 'સાવિત્રી' મહાકાવ્યનો પરિચય મેળવ્યો.** **(અહેવાલ : શ્રી એમ.બી. સોરઠિયા)**


Savitri

B H A V A N

# Sangam Hall Appeal

This long-planned element of the Savitri Bhavan complex consists of a circular air-conditioned hall, accessible from ground floor and first floor levels, with stepped seating to accommodate at least 200 people, intended to host larger gatherings for Savitri reading and study, as well as the OM Choir and talks by guest-speakers such as the annual Dr. M.V. Nadkarni lectures. Multimedia facilities will also be provided. Construction has started and is expected to be completed by December 2017.

**Total estimated cost of construction : Rs. 85 lakh**

**100% tax exemption is available to Indian tax-payers under Section 35 (i) (iii) of the IT Act**

Cheques and DDs may be made payable to **Auroville Unity Fund** and sent to :

Savitri Bhavan
Auroville 605101
Tamil Nadu, INDIA
Phone : +91 (0)413 262 2922
e-mail : **saviribhavan@auroville.org.in**
**www.savitribhavan.org**

## શ્રી અરવિન્દ અને શ્રી કૃષ્ણ

હું એ દિવસોની યાદ કરું છું જ્યારે શ્રી અરવિન્દ અહીં હતા અને હું નીચે હોલમાં ભેગા થયેલા લોકોને ધ્યાન કરાવવા નીચે જતી હતી. ત્યાં હોલમાં થાંભલાઓ પર અભરાઈ છે જ્યાં સર્વ દેવતાઓ આવીને બેસતા હતા – શિવજી, કૃષ્ણ, લક્ષ્મી, ત્રિમૂર્તિ. સર્વ દેવતાઓ, નાના, મોટા સર્વ કોઈ નિયમિત રીતે આવતા હતા. રોજ તેઓ સર્વ ધ્યાન કરવા આવતા હતા. એ સુંદર દૃશ્ય હતું. પરંતુ એ દેવતાઓને પરમાત્મા માટે આરાધનાનો ભાવ, પૂજ્યભાવ ન હતો. આ ખ્યાલ (પરમાત્માની આરાધનાનો) ની એમને જરૂર જ ન હતી. પ્રત્યેક દેવ પોતાની રીતે પોતાની શાશ્વત દિવ્યતા પ્રતિ પૂરેપૂરા સભાન હતા. અને એ પ્રત્યેક એવું સમજતા હતા કે પોતે બાકીના સર્વનું પ્રતિનિધિત્વ કરી શકે છે. એ સર્વને એમ લાગતું હતું કે તેઓ એક પ્રકારની બિરાદરી છે; પરંતુ ચૈતસિક જીવન જે સદ્‌ગુણો અર્પે છે તેમાંનો કોઈ સદ્‌ગુણ એમની પાસે હતો નહિ – ગાઢ પ્રેમ નહિ, એકતાની ભાવના નહિ.

વર્ષ ૧૯૨૬માં મેં અધિમનસ સૃષ્ટિનો આરંભ કર્યો હતો. અહીં પૃથ્વી ઉપર પદાર્થતત્ત્વમાં હું અધિમનસને ઉતારી લાવી હતી. મેં આ બધા દેવોને દેહ ધારણ કરવા જણાવ્યું હતું. દરેકને દેહ સાથે એકરૂપ થવા જણાવ્યું હતું. અને મેં મારી નરી આંખે જોયું કે કૃષ્ણ, જે શ્રી અરવિન્દ સાથે હંમેશાં સારો ઘરોબો ધરાવતા હતા તેમણે દેહમાં અવતરવાની સહમતિ આપી હતી. એ બન્યું હતું ૨૪મી નવેમ્બરે....

એ આ મુજબ હતું : કૃષ્ણએ શ્રી અરવિન્દના દેહમાં અવતરવા માટે સહમતિ આપી હતી... દેહ ધારણ કરવો, અવતાર લેવો, દેહબદ્ધ થવું અને એક અસર તરીકે કાર્ય કરવું, જે અસર આવતી-જતી રહે – એ બે વચ્ચે મોટો તફાવત છે, તમે સમજ્યા ? ... પ્રસંગોપાત્ત આવવું અને શરીર સાથે, દેહમાં કાયમ માટે બદ્ધ થઈ જવું એ બેમાં તફાવત રહેલો છે. કાયમી અસર અને કાયમી સંનિધિ એ બે અલગ વસ્તુ છે.

(Conversation with a disciple, August 2, 1961)

**શ્રી માતાજી**

(વર્ષ ૦૨ : અંક ૮)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટ્કુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**